બા અને મહેલની



તાજા વર્ષની ભેટ.

ચિત્રા અને માલિની.

(બે નાટકો.)

અનુવાદક અને પ્રકાશક:

ડૉ. નટવરલાલ ફકીરભાઈ શેઠ

એમ. બી. બી. એસ,

ગીરગામ બેક રોડ, મુંબઈ.

મુદ્રક:

હરિલાલ વલ્લભદાસ બ્રહ્મક્ષત્રી,

શ્રી હરિહર પ્રીન્ટીંગ પ્રેસ,

બજારગેટ, સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

માર્ચ ૧૯૨૭.

મુલ્ય બાર આના.

આદિ વચન.

—:૦:—

હિંદ અત્યારે ગુલામી દશામાં સબડે છે, છતાં એનાં સુપુત્રોએ એની પ્રાચિન કીર્તિ ટકાવી રાખી છે. એ સુપુત્રોમાં ત્રણ વ્યકિતઓ સૌની મોખરે આવે છે. રાજકારણમાં આજે માત્ર હિંદમાંજ નહિ. પરંતુ પાશ્ચાત્ય દેશોમાંય ગાંધીજીનું નામ સર્વની જીભને ટેરવે રમી રહ્યું છે. યૂરપ અમેરિકાના પ્રસિદ્ધ ફીલસુફો અને રાજદ્વારી પુરૂષો એના સિદ્ધાંતોની અને કાર્યોની મુક્તકંઠે પ્રશંસા કરી રહ્યા છે. વિજ્ઞાનના પ્રદેશમાં ભલભલા પાશ્ચાત્ય વિજ્ઞાન શાસ્ત્રીઓના શિર નમાવી દિગ્વિજય સાધનાર સર જગદીશ ચન્દ્ર બોઝે માનું ગુરૂપદ પુનઃ સ્થાપિત કર્યું છે. નોબેલ પારિતોષિક અને "એશિયાના રાજકવિ"નું બિરૂદ પ્રાપ્ત કરનાર કવિવર રવિન્દ્રનાથ ટાગોર આજે જગતભરના સાહિત્યાકાશમાં રવિ સમા વિરાજે છે. એ રવિના અનેક આલ્હાદક રશ્મિઓથી અત્યાર પ્હેલાં ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થઇ ચૂક્યું છે.

આ પુસ્તકમાં કવિવરના બે અણમુલાં રત્નો ગુજરાતના સાહિત્ય વિલાસી વાચક વર્ગને નઝર થાય છે. એમાંનું એક "ચિત્રા" આજથી લગભગ બે વર્ષ પહેલાં "ગુણસુંદરી" માં પ્હેલીવાર પ્રકટ કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. એ રસભર્યું નાટક પુસ્તકાકારે વાચક વર્ગને નઝર કરવાની તક આ પુસ્તકના અનુવાદક મારા મિત્ર ડૉ. નટવરલાલ શેઠે મને ફરીથી આપી છે તે હું હર્ષથી વધાવી લઉં છું.

"ચિત્રા" ની કથાનું મૂળ મહાભારતમાં છે. કવિવરે તેમાં મનગમતા ફેરફાર કરી, તેની ઉપર પોતાની કલ્પનાની સુંદર ઇમારત ચણી છે. એક બ્રાહ્મણની ગાયો છોડાવવા માટે ગાંડીવધારી અર્જુનને દેવર્ષિ નારદે બાંધેલો નિયમ તોડવો પડ્યો અને એ નિયમ—ભંગ માટે તેને બાર વર્ષ વનવાસ સેવવો પડ્યો. એ વનવાસના ભ્રમણ દરમિયાન ધનંજય ફરતો ફરતો મણિપુર આવે છે અને ત્યાંના રાજાની સ્વરૂપવતી કુમારી ચિત્રાંગદાને જોઇ મોહ પામે છે. લગ્ન માટે માંગણી કરતાં રાજા પુત્રિકા ધર્મથી ધનંજયને ચિત્રાંગદાનો હાથ સોંપે છે. અને બભ્રુવાહનનો જન્મ થતાં સુધી અર્જુન શ્વસુરમંદિરમાં રહે છે.

...તાં આણવા અને કલ્પનાને છૂટથી વિહરવાનો માર્ગ કરી આપવા કવિએ ફેરફાર કર્યા છે. સન્યાસી–વેશમાં અર્જુન મણિપુરના પ્રદેશમાં આવે છે, ત્યારે ચિત્રાંગદા ત્યાં રાજ્ય ચલાવતી હોય છે. પિતાએ પુત્ર તરીકે ઉછેરી તેને વિરોચિત શિક્ષણ આપેલું હોવાથી સ્ત્રીની સ્વાભાવિક મોહકતા ચિત્રાના શરીરમાં નથી. અર્જુનને જોઇ તે ગાંડી બને છે અને મદનદેવની આરાધના કરી એક વર્ષ માટે સૌંદર્ય મેળવે છે. પરિણામે ધનંજય એ સુંદરતાની મૂર્તિ પ્રતિ આકર્ષાય છે; સન્યાસ ત્યાગી સંસારી બને છે. આ સર્વ પ્રસંગો કવિવરે પોતાની સ્વાભાવિક દક્ષતાથી આલેખ્યા છે.

"માલિની" પણ એક રાજકુમારી છે; કાશીરાજની પુત્રી છે. બૌદ્ધ શ્રમણો પાસે શિક્ષણ પામી ધર્મને કંઇક જુદાજ સ્વરૂપમાં જુએ છે. રાજ્યના બ્રાહ્મણો આથી ભડકે છે અને કુંવરીને દેશવટો દેવાની માંગણી કરે છે. માતપિતાનુ ઉગર નથી ચાલતું એટલે કુંવરી જાતેજ ગૃહ ત્યાગી બહાર નીકળે છે. વિરોધી વર્ગ તેને જોતાંજ તેનાં સૌંદર્યથી આકર્ષાઇ તેને મહામાયાનો અવતાર માની પ્રણિપાત કરે છે. વિરોધીઓના નેતા ક્ષેમાંકરને આ નથી રૂચતું. કાશીરાજનું નિકંદન કાઢવાની પ્રતિજ્ઞા કરી બહારના પ્રદેશમાંથી સૈન્યની મદદ મેળવવા તે ચાલી નીકળે છે, અને જાસુસ તરીકે પોતાના મિત્ર સુપ્રિયને પાછળ મૂકી જાય છે. જાસુસી કરવા જતાં વિદ્વાન સુપ્રિય કુમારીનાં શરીર અને હૃદયના સૌંદર્યથી આકર્ષાઇ તેનો ઉપાસક બને છે; માલિનીના હૃદયમાં પણ તેને માટે પ્રેમ પ્રકટે છે. ક્ષેમાંકર કુમક લઇ આવે છે. પણ કાશીરાજ તેનો પરાભવ કરી તેને કેદ પકડે છે. કુમારી અને સુપ્રિય બન્ને ક્ષેમાંકરને ક્ષમા આપવા રાજાને વિનવે છે. ક્ષેમાંકર તેનો બદલો જુદીજ રીતે વાળે છે; સુપ્રિયને મિત્રદ્રોહી ગણી તેને મારી નાંખે છે. ઉદારચિત્ત રાજકુમારી તેમ છતાં પોતાના પ્રિયજનનું ખુન કરનાર ક્ષેમાંકરને ક્ષમા કરવાની પિતાને પ્રાર્થના કરે છે. આ કરૂણાન્ત નાટકમાં કવિવરે માનવ હૃદયના વિધવિધ ભાવ અત્યંત ખુબીથી આલેખ્યાં છે.

આ બન્ને નાટકોનો અનુવાદ ડૉ. શેઠે સુંદર અન સરળ ગુજ ભાષામાં કર્યો છે. કવિવરની બાનીના સર્વ આકર્ષણો એમના અનુવાદમાં ઉતરેલા વાચક વર્ગ જોઇ શકશે. એમાં માત્ર ભાષાનો અનુવાદ નહિ પણ કવિના પ્રત્યેક ભાવનો અનુવાદ કરવાનો સફળ પ્રયત્ન થયો છે. મને વિશ્વાસ છે કે અંગ્રેજી ભાષાથી અનભિજ્ઞ ગુજરાતનો રસિક વાચકવર્ગ આ પુસ્તકમાંથી એ જગવિખ્યાત કવિવરની મોહક અને આહ્લાદક બાનીનો સંપૂર્ણ રસાસ્વાદ મેળવી શકશે.

મુંબઇ.
તા. ૨૮–૨–૨૭ } જયકૃષ્ણ નાગરદાસ વર્મા.

પરિચય.

—:o:—

દરદીઓની દવાના પ્રીસ્ક્રીપ્શન લખી લખીને તથા શરીરના એકે એક ભાગનું પૃથક્કરણ કરીને ડૉક્ટરો બિચારા તદ્દન રસહીન અને શુષ્ક થઇ જતા હશે એવો એકવાર મારો ખ્યાલ હતો; પણ ડૉક્ટર શેઠને હું પહેલ વહેલો મળ્યો ત્યારેજ મારો એ ભ્રમ હતો, એવી મારી ખાત્રી થઇ ગઇ. દરદી તરિકે હું ડૉક્ટર શેઠ પાસે ગયો હતો; પણ પ્રથમ પરિચયે મારી છાતીપર સ્ટેથોસ્કોપ મુકીને આજના મારા પરમ મિત્ર મને તપાસતા હતા તે સમયે થયલી થોડીક વાતચીતથીજ મને માલૂમ પડી ગયું કે ડૉ. શેઠ સાહિત્ય રસિક છે એટલુંજ નહિ પણ પોતે સુદર ભાવનામય કવિ છે.

પરિચય વધતાં હું છક્ક થઇ ગયો. ડૉક્ટર શેઠે નાનાં નાનાં સુંદર કાવ્યો રચ્યાં હતાં તે વાંચતાં હું મુગ્ધ થઇ ગયો. તે પછી "ચિત્રા" અને "માલિની" રસથી છલકાતાં ભાષાંતરની હસ્તલિખિત પ્રતો મેં જોઇ. મેં તરતજ તે પ્રગટ કરવાની ડૉક્ટરને સલાહ આપી અને આજે પુસ્તક રૂપે આ સુંદર નાટકો ગુજરાતને ચરણે ધરાય છે તે જોઇને મને સ્વાભાવિક આનંદ થાય છે.

"ચિત્રા"નું ભાષાંતર અગાઉ રા. મહાદેવ દેશાઇએ કર્યું હતું અને તે એટલું સુંદર અને મોહક છે કે આ ભાષાંતર પ્રગટ કરતા મારા મિત્ર ડૉ. શેઠ પોતે પણ અચકાતા હતા. પણ મારો મત એવો નથી. રા. મહાદેવ ભાઇએ કોમળ સંસ્કૃતમય ભાષામાં રવીબાબુના ભાવ ઝીલવાનો સફળ પ્રયત્ન કર્યો છે ત્યારે ડૉ. શેઠે ઉર્દુની લહેજત જમાવી છે. રવીબાબુએ "ચિત્રા" અને "માલિનિ" ઉભય નાટકમાં માનવહૃદયના સુક્ષ્મતમ ભાવો પ્રદર્શિત કરવામાં જે અજબ કૌશલ્ય દાખવ્યું છે તે ગુજરાતીમાં ઉતારવાનું કામ ખાંડાના ખેલ જેવું નથી. ડૉ. શેઠની ભાષામાંથી રા. નરસિંહરાવ દીવેટીઆ જેવા ભાષા-શાસ્ત્રીઓ અને વૈયાકરણીઓ અનેક ભુલો શોધી શકશે; પણ ભાવ અને શબ્દોની મોહક ગુંથણીની નજરે જોતાં કોઇને આ ભાષાંતર નિરસ લાગે એવો લેશમાત્ર ભય મને નથી. ચિત્રા અને અર્જુનના

શૃંગારી સંવાદમાં પ્રસંગોપાત રસીલા મીઠા ઉર્દૂ શબ્દો મૂકીને "ચિત્રા" ને તદ્દન નવોજ સ્વરૂપમાં રજુ કરી છે અને તેમના એ વિજયી પ્રયત્ન માટે તેઓને ધન્યવાદ ઘટે છે.

"માલિની" માં કવિ ટાગોરે પ્રેમ અને કરૂણાની પરાકાષ્ટા આણી છે. તે સાથેજ ધર્મની સંકુચિતતાને વખોડી કાઢી એશીઆના એ કવિ પયગંબરે વિશ્વબંધુ ભાવનાનો ઉન્નત આદર્શ સફલતાથી સિદ્ધ કર્યો છે. રૂઢી ઘેલા બ્રાહ્મણોની ક્રૂરતા ધર્મને નામે કેટલી પામર હદે પહોંચે છે અને માલિનિનો દૈવી આત્મા ક્ષમા આપવામાં કેટલો ઉદાર થઈ શકે છે તે આ નાટક વાંચવાથી જણાશે. આ બન્ને નાટકો વાંચતાં ઘડીભર આ દુનિયાનું સ્વાર્થી વાતાવરણ ભૂલી જવાય છે અને આપણો આત્મા દૈવી સંગીતથી ગુંજી ઉઠે છે.

ચિત્રા અને માલિનિની પ્રશંસા કરવા બેસું તો પાનાનાં પાનાં ભરાય. પણ તેમ ન કરતાં હું વાંચનારને ડૉ. શેઠના એ રસીલાં નાટકો વાંચીને જાતેજ એ દૈવી નાટકોનો અણમોલ લ્હાવો લેવાની વિનંતી કરૂં છું.

અંતમાં ડૉ. શેઠ પોતાના પ્રવૃત્તિમય જીવનમાંથી વારંવાર નવરાશ મેળવી આવી સુંદર સાહિત્ય કૃતિઓ ગુજરાતને ચરણે ધર્યા કરે એવી આશા રાખી મારો લવારો પૂરો કરૂં છું.

મધુકર.

જગતની મહાન નવલકથા

લંડન રાજ-રહસ્ય

અથવા

મિસ્ટરીઝ ઓફ ધી કોર્ટ ઓફ લંડન.

રેનોલ્ડસની આ જગમશહુર વારતાનું નામ કોણે સાંભળ્યું નથી ? જગતની એકેએક ભાષામાં તેના તરજુમા થયા છે. ગુજરાતી ભાષામાં અમેજ તે પ્રગટ કરવાનું સાહસ કર્યું છે અને ઝપાટાબંધ ૭ ૭ ભાગો બહાર પાડી નાખ્યા છે. એકવાર વાંચવાનું શરૂ કરશો તો ખાવા પીવાનું ભૂલી જશો. તમને ખાત્રી ન થાય તો આ વારતા વિષે કોઈને પણ પૂછી જોજો. જેણે જેણે વાંચી છે તે બધાને લંડન રહસ્ય વિના ચાલતુંજ નથી.

૭ સચિત્ર ભાગો તૈયાર છે.

બાકીના માટે પૂછપરછ કર્યા કરજો.

દરેક ભાગની કિં. ૧૪ આના. (પોસ્ટેજ જુદું.)

વિલાસ ઓફીસ,

૧૮૪, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ચિત્રા.

(નાટક.)

પાત્રો.

ચિત્રા: મણિપુરની રાજકુમારી.

મદન: કામદેવ.

અર્જુન: પાંડુપુત્ર.

વસંત: ઋતુરાજ.

મૂળ કથા.

મહાભારતમાંથી મુળ વસ્તુનો આધાર લઇ કવિવરે તેની ઉપર કલ્પનાની ઇમારત ચણી છે. એ ઇમારત ચણતાં તેમણે મુળ વસ્તુમાં કેટલાક ફેરફાર કર્યો છે. વાચકને સરખામણી માટે ઉપયોગી થઇ પડે તેટલા માટે મહાભારતમાંથી મુળ કથાનો સાર અત્રે આપીએ છીએ.

પાંચે પાંડવ બંધુઓ દ્રૌપદીને પરણ્યા પછી સ્ત્રીને કારણુ તેમની વચ્ચે ટંટો ન જાગે એવા શુભ હેતુથી મહર્ષિ નારદની સૂચનાથી તેમણે એક નિયમ બાંધ્યો હતો કે "આપણા બધામાંથી જે ભાઇ પોતાના બીજા ભાઇને દ્રૌપદી સાથે (એકાંતમાં) બેઠેલો દેખે તે બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રત પાળે અને વનમાં જઇને વાસ કરે." તે પછી કેટલેક દિવસે એક બ્રાહ્મણ ફરિયાદ કરતો આવ્યો કે કેટલાક ચોરો તેની ગાયો ચોરી ગયા છે તે છોડાવી આપવી. અર્જુન આ ફરિયાદ સાંભળી તેની વ્હારે જવાને તૈયાર થયો. જે ઓરડામાં આયુધો મુકયા હતા, ત્યાં તે લેવા ગયો ત્યારે યુધિષ્ઠર અને દ્રૌપદી એકાંતમાં હતાં. બાંધેલા નિયમનો આ પ્રમાણે ભગ કર્યો તે માટે અર્જુનને બાર વર્ષ વનવાસ સેવવો પડયો.

એ વનવાસમાં યાત્રા કરતો અર્જુન કેટલેક સમયે મણિપુર (આસામ)માં આવી પ્હોંચ્યો. ત્યાં જે જે પવિત્ર તીર્થો અને પવિત્ર દેવસ્થાનો હતાં, તે સઘળાં તેણે જોયાં. પછી મહાબાહુ અર્જુન મણિપુરના ધર્મજ્ઞ રાજા ચિત્રવાહનને મળવા ગયો. તે રાજાને ચિત્રાંગદા નામે એક ઘણી રૂપવાન કન્યા હતી. આ કન્યા અનાયાસે પુર (નગર)માં ફરવા નીકળી હતી, તે અર્જુનની દૃષ્ટિએ પડી. તે સુંદર આરોહવાળી કન્યાને જોઇ અર્જુન તેની ઉપર મોહી પડયો તેથી તેણે રાજા પાસે જઇ પોતાના આવવાનું પ્રયોજન કહ્યું કે, હે, રાજન! મને ક્ષત્રિય મહાત્માને તમારી કન્યા પરણાવો.

"તે સાંભળીને રાજા બોલ્યો કે, તું કોનો પુત્ર છે? અને તારૂં નામ શું છે?" એટલે અર્જુન બોલ્યો કે, હું કુન્તાનો અને પાંડુનો

પુત્ર થાઉં છું અને મારું નામ ધનંજય છે. આ સાંભળીને રાજા તેને સમજ પૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યો કે, આ વંશમાં પુર્વે પ્રભંજન નામે રાજા થયા હતા. તેમને કાંઇ સંતાન હતું નહીં, તેથી તેમણે સંતાન માટે મહાતપ કર્યું અને ઉમાના પતિ પિનાકપાણી શંકરને પ્રસન્ન કર્યા તે ઉપરથી હે અર્જુન! શંકરે પ્રસન્ન થઇ તેમને વરદાન આપ્યું કે, તારા કુળમાં એકજ પ્રસુતિ ઉત્તરોત્તર થશે. શંકરના આવા વરદાનથી મારા કુળમાં સદા પ્રત્યેક રાજાને એકેકું સંતાન થયે જાય છે. મારી પ્હેલાંના જે રાજાઓ હતા, તેમને અકેકો પુત્ર થતો હતો, પરન્તુ મારે તો એક પુત્રીજ થઇ છે, અને તેનાથીજ મારો વંશ આગલ ચાલવાનો છે. હે પુરૂષોમાં શ્રેષ્ઠ! એ પુત્રી છે તો પણ હું તો એને મારા એકના એક પુત્ર જેવી ગણું છું. હે પુરૂષોમાં શ્રેષ્ઠ! એ કન્યાને મેં મારી પુત્રિકા કરીને માનેલી છે. માટે હે ભારત! તારાથી એને વિષે જે પુત્ર ઉત્પન્ન થાય તે પુત્રને હું દત્તક રાખીશ અને એનાથી મારો વંશ આગળ ચાલશે. હે પાંડવ! જો આ મુલ્ય કબુલ હોય તો તું સુખેથી એ ઠરાવ પ્રમાણે આ કન્યાની સાથે લગ્ન કર. અર્જુને "તથાસ્તુ" એમ કહીને એ વાત કબુલ રાખી અને પેલી રાજકન્યા સાથે લગ્ન કર્યું. તે પછી કુન્તાનો પુત્ર પોતાના સસરાને ઘેર ત્રણ વર્ષ સુધી રહ્યો. અને જ્યારે ચિત્રાંગદાને પુત્ર (બભ્રુવાહન) થયો ત્યારે અર્જુન સુંદર અંગવાળી ચિત્રાંગદાને ભેટીને તથા રાજાની આજ્ઞા લઇને ત્યાંથી પ્રવાસ કરવાને માટે આગલ ચાલ્યો." (જુઓ ગુજરાતી પ્રેસનું મહાભારત, ભા. ૧ લો પૃષ્ઠો : ૨૯૮–૩૦૨.)

કવિવરે પોતાના નાટકમાં ચિત્રવાહનની હયાતી સ્વીકારી નથી. અર્જુન મણિપુરના પ્રદેશમાં આવે છે ત્યારે ત્યાંનું રાજ્ય ચિત્રા ચલાવે છે. અર્જુન ચિત્રા પર મોહી પડે તે પહેલાં ચિત્રા અર્જુન પર મોહી પડે છે અને તેને પતિ તરીકે પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરે છે.

પ્રવેશ પહેલો.

પાત્રો : ચિત્રા, મદન અને વસન્ત.

ચિત્રા : આપ કોણ પંચશરધારી કામદેવ છો ?

મદન : હા, એજ હું. બાળા! પ્રભુના હૃદયમાં પ્રથમ મારો જન્મ થયો હતો. સ્ત્રી પુરુષોને સુખ દુઃખના બંધનોમાં જકડનાર હુંજ છું.

ચિત્રા : જાણું છું, દેવ! હું એ દર્દને અને એ દર્દના બંધનોને (વસન્ત તરફ ફરીને) અને આપ કોણ ?

વસન્ત : હું મદનનો મિત્ર વસન્ત–ઋતુઓનો રાજા! મૃત્યુ અને ઘડપણ જગતુને ઘસી ન નાંખે તે માટે તેમની પાછળ પડી તેમના પર હું હુમલો કરૂં છું. હું અનંત જુવાની છું.

ચિત્રા : વંદન હો આપને મારાં, વસન્તદેવ!

મદન : પણ સુંદરી તેં કયું કઠણ વ્રત લીધું છે. તારી તાજી ખીલેલી જુવાનીને આમ તપ અને સંતાપથી શા માટે કરમાવે છે? પ્રેમની પૂજા માટે આવો ભોગ ન ઘટે! તું કોણ છે? તારે શું જોઇએ છે ?

ચિત્રા : હું મણિપુરની રાજકુમારી ચિત્રા! ભગવાન શિવે મારા દાદાને વરદાન આપ્યું હતું કે અમારા વંશમાં પુત્રોજ અવતરશે. પરન્તુ, હું સ્ત્રી હોવા છતાં મારો સ્વભાવ એવો દુર્જય હતો કે, એ દેવ–વરદાન મારી માતાના ગર્ભમાં રહેલ ચેતનને ન બદલી શકયું!

મદન : એ વાત હું જાણું છું, તેથીજ તો તારા પિતા તને પુત્ર તરીકે ઉછેરે છે અને તેમણે તને યુદ્ધકલા અને રાજધર્મનું શિક્ષણ આપ્યું છે.

ચિત્રા : હા! તેથીજ મેં પુરૂષવેશ પ્હેર્યો છે અને અંતઃપુરનું એકાંત છોડયું છે. પુરૂષોનું હૃદય જીતે એવા સ્ત્રી ચરિત્ર મને નથી આવડતાં. મારાં હાથ ધનુષ્ય વાળવાની શકિત ધરાવે છે, પરંતુ નયન નચાવવાની–મદનદેવનાં

શસ્ત્રો વાપરવાની કલા હું નથી શીખી !

મદન : સુંદરી ! એ શીખવવાની જરૂર નથી પડતી. આંખો વણ શીખ્યે પોતાનું કામ કર્યે જાય છે, અને જેના હ્રદયમાં એનો ઘા વાગ્યો છે તે તે સારી પેઠ જાણે છે !

ચિત્રા : દેવ ! એક દિવસ હું પૂર્ણા નદીના કિનારાપરનાં જંગલમાં શિકારની શોધમાં રઝળતી હતી. મારા ઘોડાને એક ઝાડના થડ સાથે બાંધી એક હરણની પાછળ હું ગીચ ઝાડીમાં દાખલ થઇ. માર્ગ સાંકડો અને ઝાડની ડાળીઓથી છવાયેલો હતો. ઝાડીમાં કંસારીઓના અવાજનો પડઘો પડી રહ્યો હતો. અચાનક સુકાં પાંદડાનું બિછાનું કરી મારે જવાના માર્ગમાં સુતેલો એક પુરૂષ મારી નજરે પડયો. મેં તેને રોફથી એક બાજુ ખસી જવાનું કહ્યું: પણ તેણે તે ગણકાર્યું નહિ. મેં તિરસ્કારથી મારા ધનુષ્યની અણી તેને ઘોંચી. રાખના ઢગલામાંથી અચાનક અગ્નિની જ્વાલા ભભુકે તેમ તે સીધા, પ્રચંડ અવયવવાળો મરદ કુદયો. મારા છોકરવાદ દેખાવની જાણે મશ્કરી કરતો હોયની એવું આછું સ્મિત તેનાં મોઢાં ઉપર ફરકયું. તે સમયે જીંદગીમાં પહેલીવાર મને ભાન થયું કે હું એક 'સ્ત્રી' છું અને મારી સામે એક 'પુરૂષ' ઉભો છે !

મદન : સ્ત્રી અને પુરૂષને પોત પોતાની જાતિનું ભાન એવી મંગળ ઘડીએજ હું કરાવું છું. વારૂ, પછી શું થયું ?

ચિત્રા : ભય અને આશ્ચર્યથી મેં તેને પૂછ્યું: "તમે કોણ છો ?" તેણે જવાબ દીધો, "મહાન કુરૂકુલનો વંશજ અર્જુન !" ઉત્તર સાંભળી હું તો પત્થરની પુતળી માફક સ્તબ્ધ થઇ ગઇ. તેમને નમન કરવાનું પણ ભૂલી ગઇ. મને એમ થયું. 'શું આજ ખરેખર અર્જુન દેવ ! મારી સ્વપ્નસૃષ્ટિની મહાન મૂર્તિ શું એજ ?' ઘણા સમય પહેલાં મેં સાંભળ્યું હતું કે તેમણે બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લીધું છે. પુરૂષ વેશમાં એમની સાથે દ્વંદ્વયુદ્ધમાં ઉતરવાને અને મારી શસ્ત્રકલાની સાબિતિ આપવાને મારી ઉગતી મહત્વાકાંક્ષાએ મને ઘણીય વાર ઉશ્કેરી હતી. અફસોસ દિલે નાદાન !

તારી બધી શેખી ક્યાં ચાલી ગઇ? દેવ! મને એમજ લાગ્યું કે મારી જુવાની, મારી સર્વ અભિલાષાઓના બદલામાં હું તેમના ચરણની રજ થઇ શકું તો પણ મારૂં પરમ સદભાગ્ય! શી ખબર હું તે વખત શા વિચાર વમળમાં ડુબી ગઇ હતી! અચાનક મેં તેમને ઝાડીમાં અદ્દશ્ય થતા જોયા. કેવી મુર્ખી? ન તો મેં તેમનો સત્કાર કર્યો કે ન તેમની સાથે એક બોલ બોલવાનો લ્હાવો લીધો. મેં તેમની ક્ષમાએ ન માંગી. મારી અવગણના કરીને એ ચાલ્યા ગયા તોય હું ગમાર જેવી ઉભીજ રહી! બીજે દિવસેજ મેં મારો પુરૂષવેશ કાઢી નાંખ્યો. મેં કિરમજી રંગનો સુંદર રેશમી સાળુ પ્હેર્યો. હાથમાં બંગડીઓ, પગમાં ઝાંઝર અને કેડે કંદોરો ધારણ કર્યાં. એ અપરિચિત પોશાકથી મને શરમ થવા લાગી. હું તુરતજ બ્હાર નીકળી અને જંગલમાં આવેલા શિવમંદિરમાં મેં અર્જુનદેવને શોધી કાઢ્યા.

મદન: પૂરેપૂરી વાત કહી જા, બાળા! હું હૃદયજન્ય ઉર્મીઓનો ભેદ જાણું છું.

ચિત્રા: મેં તેમને શું કહ્યું અને શા જવાબ મળ્યા તેની મને બહુ ઝાંખી સ્મૃતિ રહી છે. પણ એ બધું મને ન પૂછશો, દેવ! આભમાંથી વીજળી પડે તેમ અતિ લજ્જાથી હું છવાઇ ગઇ, પણ મારા સખ્ત પુરૂષોચિત સ્વભાવને લીધે મારા હૃદયના ચૂરેચૂરા ન થયા. હું ઘેર પાછી જવા નીકળી ત્યારે એમના છેલ્લા શબ્દો મારા કાનમાં કાંટાની જેમ ખુંચતા હતા: "મેં બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લીધું છે; હું તારો પતિ થવાને લાયક નથી.' રે! પુરૂષની પ્રતિજ્ઞા! તમે જાણો છો કામદેવ! કેટલાયે ઋષી–મુનીઓએ જીંદગીભરનાં તપનાં ફળ રમણીને ચરણે ધરી દીધાં છે! રોષમાં ને રોષમાં મેં મારા ધનુષ્યના ટુકડા કરી નાંખ્યા; મારા બાણ સળગાવી મુક્યાં; ધનુષ્યની પણછ ચઢાવી સખ્ત થયલા મારા હાથ તરફ મને તિરસ્કાર આવ્યો. ઓ પ્રણયદેવ! તમે મારી પુરૂષોચિત શક્તિનું મિથ્યાભિમાન ધુળમાં મેળવ્યું. મારી બધી પુરૂષોચિત તાલીમ તમે ચરણ હેઠળ ચગદી નાંખી. હવે મને તમારા પ્રેમપાઠ ભણાવો

દેવ! અબળાની શક્તિ અને નિઃશસ્ત્ર હાથના હથિઆર મને બતાવો, પ્રભુ!

મદન: હું તને સહાય કરીશ, બાળા! વિશ્વવિજેતા અર્જુનને બળવાખોર તરીકેની સજા ખમવા હું તારી સમક્ષ કેદી તરીકે રજુ કરીશ.

ચિત્રા: દેવ! જો સમય હોત તો તેમનું હૃદય હું ધીમેધીમે જીતી લેત; દેવોની સહાય ન માંગત. તેમના મિત્ર તરીકે હું તેમની સાથે રહેત, સારથિ બની તેમના રથના મસ્ત ઘોડાઓ હાંકત, શિકારની મઝામાં તેમની સાથી બનત. રાત્રે તેમના તંબુના દરવાજાપર ચોકી કરત, અને નિર્બળનું રક્ષણ કરવાની અને સમયોચિત ન્યાય આપવાની તેમની મહાન ક્ષત્રિયોચિત ફરજોમાં તેમને સહાય કરત. એક દિવસ એવો જરૂર આવત જ્યારે તે મારા તરફ જોઇ, આશ્ચર્ય પામત: "આ યુવાન કોણ છે? મારા પૂર્વ-જન્મનો કોઇ સેવક મારાં સત્કૃત્યોની જેમ મારી પાછળ તો નહિ આવ્યો હોય?" દેવ! નિરાશાને એકાંતમાં શાન્તિથી પોષે, રાત્રે આંસુઓ પાડે, જન્મથીજ વિધવા થઇ હોય તેમ ઉપરથી હસતું મોઢું રાખી દિલના દર્દને છુપાવી રાખે, એવી સ્ત્રી હું નથી. મારૂં આશાકુસુમ ખીલી ફાલીને ફળરૂપ ન થાય તે પ્હેલાં ખરીને ધુળમાં નહિ રગદોળાય. પણ એવી રીતે પોતાની જાતની સાચી પિછાન કરાવતાં અને સન્માન મેળવતાં જીંદગી વીતી જાય. વિશ્વવિજેતા મદનદેવ! તેથીજ હું તમારે શરણે આવી છું. ઋતુરાજ વસંતદેવ! મારા યુવાન શરીરપરથી આ પ્રાથમિક અન્યાય દૂર કરો. આ અનાકર્ષક સાદાઇ લઇ લ્યો. એક દિવસ—ફક્ત એકજ દિવસ માટે, મારા હૃદયમાં એકાએક વિકાસ પામેલા સ્નેહાંકુર જેવી સુંદરતા, ઉંચા પ્રકારની ખુબસુરતી મને આપો. એકજ દિવસ માટે મને સર્વાંગ, સંપૂર્ણ સુંદર બનાવો. તે પછી હું નીવેડી લઇશ.

મદન: તથાસ્તુ, બાળા!

વસન્ત: માત્ર એક દિવસ નહિ, બાળા! પણ એક આખા વર્ષ સુધી વસન્તઋતુની નવી ખીલેલી કળીઓ જેવી મોહકતા તારા અંગ પ્રત્યંગમાં લપાઇ રહેશે.

ચિત્રા અને માલિની.



"મેં તિરસ્કારથી મારા ધનુષ્યની અણી તેને ઘોંચી" (પાનું ૬).

પ્રવેશ બીજો.

પાત્રો: અર્જુન પાછળથી ચિત્રા.
સ્થળ: શિવમંદિર.

અર્જુન (સ્વગત): સરોવર પાસે મેં જે જોયું તે સ્વપ્ન હતું કે સત્ય? સંધ્યાની શીળી છાયામાં ઘાસની લીલીછમ બિછાત પરે બેઠો બેઠો હું ભૂતકાળનો વિચાર કરતો હતો ત્યાં સૌંદર્યની એક મનોરમ મુર્તિ ગીચ ઝાડીમાંથી નીકળી આવી સરોવર કિનારે એક શ્વેત શીલાપર ઉભી રહી! તેની સુંદર પાનીના ભાર હેઠલ પૃથ્વીનું હૃદય આનંદના ધબકારા ઝીલી રહ્યું હશે, એમ મને લાગ્યું. ઉષાની સોનેરી રેખાઓ પુર્વાકાશમાં હિમથી ઢંકાયેલા શિખરો પર જેમ પ્રભાતના સૂર્ય પ્રકાશમાં ગળી જાય છે તેમ એનાં શરીર પરનાં આછાં વસ્ત્રો હર્ષોન્માદથી હવામાં ગળી જશે, એમ મેં ધાર્યું. ચળકતા અરીસા જેવા સરોવરના જળ ઉપર તે વાંકી વળીને ઉભી રહી અને તેમાં પોતાનું પ્રતિબિમ્બ જોયું. તે એકાએક ચમકી અને શાંત ઉભી રહી; પછી સ્હેજ હસીને બેદરકાર ઢબે ડાબા હાથે તેણે અંબોડો છોડી પોતાના ધરણી સુધી પ્હોંચતા લાંબા વાળને ચરણે ચુમતા કર્યા. પછી પોતાનો સુંદર સ્તનપ્રદેશ તેણે ખુલ્લો કર્યો અને મૃદુ સ્પર્શથી આનંદ આપે એવા પોતાના મોહક, સુડોળ હાથ તરફ ઘડીભર જોઇ રહી. ફરી જળમાં નીચી નજર કરી તેણે પોતાની ખીલતી જુવાનીની મોહક છાયા જોઇ, આનંદથી આશ્ચર્ય પામતી ઉભી રહી. શ્વેત કમલિની પ્રાત:કાળે પાંખડીઓ ખુલતાં નીચી નમી ને સરોવરના જળમાં જો પોતાની મોહક છાયા જુએ તો આખો દિવસ આમજ આશ્ચર્ય પામતી રહે! પણ એક પલમાં એના વદન પરનું સ્મિત ઉડી ગયું ને એના નયનોમાં શોકની છાયા આવી. છૂટા વાળ તેણે બાંધી લીધા, છાતી ઢાંકી દીધી, અને નિશ્વાસ નાખતી, સુંદર સંધ્યા રાત્રિના અંધકારમાં ગળી જાય તેમ, ચાલી ગઇ. વીજળીના ચમકારાની જેમ એક ધન્ય પલ મારા જીવનમાં આવી અને ઉડી ગઇ...પણ પ્હણે બારણું કોણ ખોલે છે?

(ચિત્રા સ્ત્રી વેશે શિવમંદિરમાંથી આવે છે). હેં! એ તો

એજ લલના! શાંત થા, હૃદય! શાંત થા. (મોટેથી) સુંદરી! આવો: ભય ન પામશો, હું ક્ષત્રિય છું!

ચિત્રા : મહાશય! આપ મારા મ્હેમાન થયા છો. હું આ મંદિરમાં વસું છું. તમારી મ્હેમાનગીરી શી રીતે કરવી, તે હું સમજી શકતી નથી.

અર્જુન: સુંદરી! તમારૂં દર્શનજ ઉંચામાં ઉંચી મ્હેમાનગીરી છે. જો ખોટું ન લાગે તો એક સવાલ પુછવાની ઇચ્છા છે.

ચિત્રા: ખુશીથી પુછો!

અર્જુન: એવું તે કયું વ્રત તમે લીધું છે કે આ એકાંત મંદિરમાં પુરાઇ રહી આખી માનવજાતિને આટલા બધા સૌંદર્યના દર્શનથી વંચિત રાખો છો?

ચિત્રા: મારો એક ગુપ્ત મનોરથ છે, જેની સિદ્ધિ માટે હું ભગવાન શિવની નિત્ય પુજા કરૂં છું.

અર્જુન: અફસોસ! આખું જગત્ જેને ઇચ્છે એવાં તમને તે વળી શી ઇચ્છા હોઇ શકે! પુર્વના પરવત શિખરોમાં જ્યાં સૂર્યનો ઉદય થાય છે ત્યાંથી તે સુર્યાસ્તને સત્કારતા પ્રદેશો સુધી મેં પ્રવાસ કર્યો છે. જગતની અત્યંત મુલ્યવાન, સુંદર અને મહાન વસ્તુઓ મેં જોઇ છે. તમે શાની યા કોની શોધમાં છો તે કહો તો મારૂં જ્ઞાન તમારી સેવા માટે તૈયાર છે.

ચિત્રા: હું જેને શોધું છું તેને સર્વ ઓળખે છે!

અર્જુન: એમ? જેની કીર્તિએ તમારા હૃદયને જીતી લીધું છે એવો ભાગ્યશાળી પુરૂષ કોણ છે?

ચિત્રા: વીરોમાં શ્રેષ્ઠ, ઉંચામાં ઉંચા રાજવંશનો એ નબીરો છે!

અર્જુન: સુંદરી! જુઠી કીર્તિની વેદી પર તમારા આ સૌંદર્ય ભંડારને હોમી ન દેશો. સૂર્યોદય પ્હેલાંના ઉષાના ધુમ્મસની જેમ જુઠી કીર્તિને એક જીભેથી બીજી જીભે પ્રસરતાં વાર નથી લાગતી. મને કહો, એ ઉચ્ચ રાજવંશનો વીરશ્રેષ્ઠ કોણ છે?

ચિત્રા: તપસ્વી! બીજાઓની કીર્તિની તમે ઇર્ષ્યા કરો છો!

આખા દુનિયામાં કુરુકુલ સર્વથી વિખ્યાત છે, એ શું નથી જાણતા?

અર્જુન: કુરુકુલ!

ચિત્રા: હા. અને એ કુલના સુવિખ્યાત વીરનું નામ તમે નથી સાંભળ્યું?

અર્જુન: તમારા મધુર મુખેજ તે સાંભળવાની ઇચ્છા છે!

ચિત્રા: તો સાંભળો. તેમનું નામ વિશ્વવિજેતા અર્જુનદેવ! લાખોને મોઢે વસતા એ અમર નામને મેં મારા હૃદયમાં છુપાવી રાખ્યું છે. તમે આકુલવ્યાકુલ કેમ થાઓ છો, તપસ્વી! શું એ નામનો મહિમા ખોટો છે? એમ હોય તો જલદી મારો ભ્રમ દૂર કરો. મારા હૃદયસંપુટને તોડી એ ખોટા રત્નને ફેંકી દેતાં હું વાર નહિ લગાડું!

અર્જુન: સુંદરી! એનું નામ અને કીર્તિ, એની વીરતા અને સત્તા, સત્ય હોવા અસત્ય, પણ દયા લાવી એને તમારા હૃદયમાંથી દૂર ન કરશો—એ પોતેજ આ પળે તમારે ચરણે વંદન કરે છે!

ચિત્રા: તમે! શું તમેજ અર્જુન દેવ?

અર્જુન: હા. હુંજ એ, તમારે આંગણે આવેલો પ્રેમભુખ્યો મ્હેમાન!

ચિત્રા: ત્યારે અર્જુનદેવે બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાલવાનું વ્રત લીધું છે, એ વાત શું સાચી નથી?

અર્જુન: એ વાત સાચી. પરન્તુ ચંદ્ર જેમ રાત્રિનું અંધકારનું વ્રત તોડાવે છે તેમ તમે મારા વ્રતને ભંગ કર્યો છે.

ચિત્રા: અરે! શરમ છે તમને! મારામાં એવું તે તમે શું જોયું કે તમારા આત્માને તમે બેવફા બનો છો? આ કાળી આંખોમાં, આ કમલદાંડી જેવા શ્વેત હાથોમાં તમને એવું શું જણાય છે કે તેને ખાતર તમારા વ્રતનું બલિદાન આપવા તૈયાર થયા છો? ખરેખર! એ પ્રેમ નથી; સ્રીને ચરણે પુરૂષ જે ઉત્તમો-તમ ભેટ ધરી શકે, તે એ નથી! અફસોસ, કે શરીરનો ઉપરનો આ નાજુક દેખાવ આત્માના અમર તેજને ઝાંખું કરી દે છે. હા! હવે મારી ખાત્રી થાય છે, અર્જુનદેવ! કે તમારી વીરતાની સઘળી કીર્તિ

માયા જુદી છે.

અર્જુનઃ રે ! મનેય આજે લાગે છે કે કીર્તિ, વીરતાની મગરૂરી કેટલી પોકળ છે ! એ બધું સ્વપ્નવતજ જણાય છે. ફકત તુંજ સંપૂર્ણ ભાસે છે, સુંદરી ! તું જગતનો ખજાનો, ગરીબીનો અંત છે; સર્વ મહા પ્રયાસોનું ધ્યેય તુંજ છેઃ તુંજ એક સાચી 'સ્ત્રી' છે. બીજી સ્ત્રીઓ હશે, પણ તેમને પિછાનતાં વાર લાગે છેઃ જ્યારે તને એક પલ માત્ર જોવાથી અક્ષત સંપૂર્ણતાની હમેશ માટે ઝાંખી થાય છે !

ચિત્રાઃ અફસોસ ! અર્જુનદેવ ! એ સંપૂર્ણતા મારી નથી. એતો દેવોની માયા છે. જાઓ, જાઓ, મારા હૃદયદેવ ! ચાલ્યા જાઓ અસત્યની ઇચ્છા ન કરો; ઝાંઝવા જેવી માયા પર તમારૂં મહાન હૃદય ન્યોછાવર ન કરો ! જાઓ !

પ્રવેશ ત્રીજો.

પાત્રોઃ ચિત્રા, પાછળથી મદન અને વસન્ત.

ચિત્રાઃ ના, ના! તદન અશક્ય! એમના ભૂખ્યા આત્માનો સાક્ષાત્કાર કરાવતી, જકડી લેતી એમની સ્નેહભીની નઝર સામે મીટ માંડવી, એમના ધડકતા હ્રદયના આવેશમય ધબકારા સાંભળવા, એમની અમીભરી વાણીનું પાન કરવું, અને પછી પછી એમને ભીખારીની જેમ હાંકી કાઢવા એ મારાથી નહિ બની શકે!

(મદન અને વસન્ત પ્રવેશ કરે છે.)

ઓ. પ્રણયદેવ! તમે મારી આસપાસ આ શી ભયાનક જ્વાળાની જાળ પાથરી છે? હું એથી બળું છું, અને જેમનો સ્પર્શ કરૂં છું તેમનેય બાળું છું!

મદનઃ કાલે રાતના શું થયું, તે હું જાણવા ઇચ્છું છું!

ચિત્રાઃ વસન્તના પુષ્પોની પાંદડીઓથી છવાયલી હરિયાળી ઘાસ પર સાંજના પડી પડી અર્જુનદેવે મારી સુંદરતાના કરેલા વખાણ હું સંભારી રહી હતી. આખા દિવસમાં ભેળું કરેલું એ મીઠી યાદનું અમૃત હું ઘુંટડે ઘુંટડે પી રહી હતી. મારા આગલા જન્મોની જેમ ભૂતકાળનો મારો ઇતિહાસ ભૂલાઇ ગયો હતો. અલ્પ સમય સુધી .ભમરોના સ્નેહગીત સાંભળી, વૃક્ષોના ઝુંડો સાથે પ્રેમગોઠડી કરી, ભૂત અને ભવિષ્યના બંધન વિનાની એકજ સંપુર્ણ ઘડીનું સુખ ભોગવીને નીચી નઝર કરી, જમીનપર ખરી પડી, ધુળ સાથે મળી જતા પુષ્પ જેવી મારી મનોદશા તે વખતે હતી.

વસન્તઃ અમર્યાદિત યશસ્વી જીવન એકજ પ્રભાતમાં ખીલે છે અને કરમાઇ જાય છે!

મદનઃ સુંદર ન્હાનકડા ગીતમાં અનંત મર્મ છુપાયો હોય છે તેમ!

ચિત્રાઃ તે વખતે દેવ! દક્ષિણ પવનની લહરીઓના લાડથી મને નિદ્રા આવી ગઇ, ઉપરના માલતી મંડપમાંથી પુષ્પો ખરી મારા અંગને ચુમવા લાગ્યાં. મારા વાળ પર મારી છાતી પર, મારા પગ પર, પ્રત્યેક અંગપર સહુને દરેક પુષ્પ મૃત્યુ ઇચ્છતું હતું, હું સુઇજ રહી. એ ઘેરી નિદ્રાવસ્થામાં અચાનક મને લાગ્યું કે

અગ્નિની શિખાઓ જેવી અત્યંત આતુર દૃષ્ટિ મારા સુતેલા શરીરપર કોઈ નાંખી રહ્યું છે. હું સફાળી ઉઠી અને જોયું તો એજ તપસ્વી મારી સામે ઉભા હતા. એક નાજુક માનવી શરીરમાં દૈવી કલાએ ઉપજાવેલી જાદુઇ અસર વૃક્ષોના પાંદડામાંથી ડોકીયા કરી કરી જોતો ચંદ્ર પશ્ચિમમાં ચાલ્યો ગયો હતો. હવામાં સુગંધ પ્રસરી રહી હતી. કસારીઓજ માત્ર ગણગણાટ કરી રાત્રિની શાન્તિનો ભંગ કરી રહી હતી. સરોવરમાં વૃક્ષોના પ્રતિબિંબ સ્થિર ઉભા હતા, એવે વખતે જંગલના એક પ્રચંડ વૃક્ષની જેમ એ આજાનબાહુ, શાન્ત વીરનર હાથમાં દંડ ધારણ કરી મારી સમક્ષ ઉભા હતા. હું ભાન ભુલી ગઇ. કોઇ સ્વપ્ન સૃષ્ટિમાં હોઉં એમ મને લાગ્યું. ઢીલા થયલાં વસ્ત્રોની જેમ મારી શરમ સરી ગઇ. તેમનાં મધુર વચનો સંભળાયા: "પ્રિયા! મારી પ્રિયતમે!" એ શબ્દે મારા ભૂલાયલા ભવોએ એકત્ર થઇ જવાબ વાળ્યો. મેં કહ્યુ: "મારો સ્વીકાર કરો, નાથ! હું આખીય તમારી છું." એમ કહેતાં મેં મારા હાથ તેમની તરફ પ્રસાર્યા. ચંદ્ર વૃક્ષોની પાછળ છુપાઇ ગયો હતો. આખા જગતપર અંધકારનો પડદો પડયો હતો. એ અનુપમ હર્ષોન્માદમાં સ્વર્ગ અને પૃથ્વી, સમય અને સ્થલ, સુખ અને દુ:ખ, જીવન અને મૃત્યુ, ઓતપ્રોત થઇ ગયાં. પ્હો ફાટતાં, પક્ષીઓનો કલરવ થતાં, હું જાગી અને ડાબા હાથ પર માથું ટેકવી ઉંચી થઇ. એ હજી સુતા હતા; પ્રભાતના બીજના ચંદ્ર જેવું આછું સ્મિત તેમના હોઠપર ફરકી રહ્યું હતું. ઉષાનો ગુલાબી પ્રકાશ તેમના લલાટપર પડતો હતો. એક નિશ્વાસ નાંખી હું ઉભી થઇ. તેમના ચહેરાપર પડતો સૂર્યપ્રકાશ ખાળવા ઝાડોની ઘટા મેં સરખી કરી. મારી આસપાસ જોયું તો એજ સૂજન જુની પૃથ્વી હતી. હું કેવી હતી તેનું મને ભાન આવ્યું અને પોતાનો પડછાયો જોઇ ડરીને નાસતાં હરણની શેફાલી પુષ્પોથી છવાયલા એ જંગલમાર્ગમાંથી હું દોડતી નાસી છુટી. થોડેક દૂર એકાંત સ્થળ જોઇ હું ત્યાં બેઠી; અને હાથે મોઢું ઢાંકી મેં રડીને હૈયાનો ભાર હલકો કરવાનો પ્રયત્ન કર્યો. પણ આંખમાં એક આંસુ ન આવ્યું.

મદન: આહ! માનવપુત્રી! મેં તારે ખાતર પ્રભુના ભંડારમાંથી

મધુર અમૃતની ચોરી કરી, તેના વડે આખી રાતનું વાતાવરણ ભરી દીધું અને તને એ અમીરસ પ્યાલી પીવા આપી–છતાં તારે હજી નિશ્વાસ નાંખવા રહ્યા !

ચિત્રા: (દુઃખિત અવાજે): એ પ્યાલી કોણે પીધી ? જીવનની વાસનાની જવલ્લેજ મળતી તૃપ્તિ, પ્રેમનું પ્રથમ મીલન મને આપવામાં આવ્યું, પણ તુરતજ પાછું ખેંચી લેવાયું. આ ઉછીની લીધેલી સુંદરતા, બહુ ખીલેલા પુષ્પની પાંદડીઓ ખરી જાય તેમ, એ મધુર મીલનની યાદ માત્ર પાછળ મુકીને, મારી પાસેથી સરી પડશે, અને હું ગરીબીથી અર્ધનગ્ન દશામાં શરમથી મરી જતી, દિન રાત રડતી સ્ત્રીના જેવી થઇશ. પ્રણયદેવ ! આ રડી સુંદરતા. પ્રેમના જે સર્વ સુંદર ફળો–મધુરાં ચુમ્બનો માટે મારૂં હૃદય તલસી રહે છે, તે લુંટી લેનારા દૈત્યની ગરજ સારે છે.

મદન: અફસોસ, બાલા ! તારી એક રાત તે નકામી ગુમાવી દીધી ! આનંદની નૌકા દ્રષ્ટિ મર્યાદામાં આવી પણ મોજાંની છોળોએ તેને કિનારે અડવા ન દીધી.

ચિત્રા: સુખનું સ્વર્ગ એટલું બધું મારી નજદીક આવ્યું કે મારા સાચા સ્વરૂપની પાસે તે હજી આવ્યું નથી, એ હું ભુલીજ ગઇ. પણ એ મધુરાં સ્વપ્નમાંથી પ્રભાતે હું જ્યારે જાગી તો મને જણાયું કે મારૂં શરીરજ મારી શોકય થઇ બેઠું છે. એ શરીરને હંમેશ શણગારી મારા પ્રિયતમ પાસે મોકલતાં અને એ સાથે તેમને લાડ કરતાં જોઇ મને હવે તિરસ્કાર આવે છે. લઇ લ્યો પ્રભુ ! તમારૂં વરદાન પાછું લઇ લ્યો !

મદન: પણ તારી સુંદરતા હું પાછી લઇશ તો તારા પ્રિયતમ સામે શી રીતે ઉભી શકીશ ? સુખના પ્યાલામાંથી હજી તેણે પૂરો ઘુંટડો ભરીને પીધો નથી, તેટલામાં એ પ્યાલો પાછો ખેંચી લેવો એ શું નિર્દયતા નથી ? એમ કરશે તો તારા પર તે કેટલો બધો ક્રોધે ભરાશે, તેનો કંઇ ખ્યાલ છે ?

ચિત્રા: તેમનો ક્રોધ આ સ્થિતિ કરતાં વધારે સારો હશે ! તે


સમયે હું તેમની પાસે મારૂં ખરૂં સ્વરૂપ છતું કરીશ આ છુપા વેશ કરતાં તે સ્વરૂપ વધારે ઉમદા છે. જો તેનો અસ્વીકાર કરશે, મને તરછોડી મારા હૃદયના ટુકડા કરશે તો તે પણ હું ગુપચુપ સહી લઈશ.

વસન્તઃ બાળા! મારી એક શીખામણ સાંભળી લે! પાનખર ઋતુમાં પુષ્પો ખરી પડયાં પછીજ વૃક્ષોપર મીઠાં ફળ આવે છે. તારા જીવનમાં પણ એક સમય એવો આવશે જ્યારે તારા શરીરપરથી જુવાનીની કેફભરી સુંદરતા ઉડી જશે, છતાં તારા ફળપ્રદ સત્ય સ્વરૂપનો સ્વીકાર અર્જુન આનંદથી કરશે! જા, બાળા! પાછી જા, અને તારો ઉન્માદભર્યો ઉત્સવ ઉજવી લે!

મશહૂર

સુરજ છાપ કેસર.

૮૦ વરસનું જુનું



અને વખણાએલું

વનસ્પતિઓમાં કેસર એક એવી વસ્તુ છે કે જે હંમેશા ચોખ્ખી, નિર્મળ, તાજી અને સુગંધીદાર હોવી જોઇએ, અને તેની ખરીદી કરનાર તે માટે કુશળતા વાપરવી પડે છે. બજારોમાં એટલો બધો હલકો અને સસ્તો માલ આવી પડે છે કે તેથી સાચું કેસર કયું અને ખોટું કયું તે સમજવાની શકિત જો ખરીદનારને હોતી નથી તો દુકાનદાર હમેશા તેને ધાબડવામાં ફાવી જાય છે, અને ખરીદનાર સાચાને બદલે ખેર ખોટો માલ લાવી જયારે વાપરવા માંડે છે ત્યારે પોતે છેતરાયો છે એમ જાણી પસ્તાય છે. આનો ઉપાય શો? એજ કે જાણીતા પ્રશંસાપાત્ર થયેલો અને સખ્તમાં સખ્ત-કસોટીમાં શુદ્ધ, નિર્મળ, તાજો અને સુગંધીદાર પુરવાર થયેલો માલ વાપરવો. આવું ખાત્રી લાયક કેસર જે દેવોના તથા ધર્મના કાર્યોમાં તેમજ ઔષધોમાં તથા ખાવાના પદાર્થોમાં જરા પણ સંકોચ વગર વાપરી શકાય છે તે અમારે ત્યાંથી મળી શકશે મોટા તેમજ નાના સર્વ ગ્રાહકોને સગવડકારક થઇ પડે તે માટે કોઇપણ માણસને ઓછામાં ઓછું અડધો આઉંસ કેસર છુટક હમારે ત્યાંથી મળી શકશે.

એસ. નારાયણની કુંપની.

૨૯, હમમ સ્ટ્રીટ, કોટ—મુંબઇ. તથા

એન. ડી. મહેતાની કુાં૦ ૩૯૭, કાલબાદેવી રોડ, મુંબઇ નં૦ ૨

પ્રવેશ ચોથો.

પાત્રોઃ ચિત્રા અને અર્જુન.

ચિત્રાઃ આમ મારી સામે મીટ કેમ માંડી રહ્યા છો, વિરનર ?

અર્જુનઃ તું આ ફુલમાલા કેમ ગુંથે છે તે હું જોઇ રહ્યો છું. જોડકાં બાઇ—બ્હેન જેવાં ચપલતા અને લલિત્ય તારી આંગળીઓને ટેરવે આનંદથી નાચી રહ્યાં છે, તે હું જોઉં છું અને વિચારું છું.

ચિત્રાઃ શાના વિચાર કરો છો, દેવ ?

અર્જુનઃ હું એજ વિચારી રહ્યો છું કે એવાજ મૃદુ સ્પર્શથી અને મધુરતાથી, હું ઘેર પાછો ફરું ત્યારે મારા કંઠમાં આરોપવા. મારા આ દેશનિકાલના દિવસોની તું અમર માલા ગુંથી રહી છે.

ચિત્રાઃ ઘેર પાછા ફરો ત્યારે આરોપવા ? ના, ના, હું તમારી સાથે આવવાની નથી !

અર્જુનઃ મારી સાથે નહિ આવે ? એટલે ?

ચિત્રાઃ ના, ના ! એવી વાત ન કરશો. જે વસ્તુ લાંબો સમય ટકી શકે એવી હોય તેજ ઘેર લઇ જજો. આ જંગલી પુષ્પ જ્યાં જનમ્યું છે ત્યાંજ એને છોડી જજો; દિવસની આખરે કરમાઇ જતી કળીઓના અને સડી જતા પાંદડાના ઢગમાં પડી એને આનંદથી મરવા દેજો. તમારા રાજમહેલની દયાહિન પત્થરની ભૂમિ પર પછાડી નાંખવા એને લઇ જશો મા !

અર્જુનઃ શું આપણો પ્રેમ એવા પ્રકારનો છે ?

ચિત્રાઃ હા, એવાજ પ્રકારનો ! શા માટે દિલગીર થાઓ છો ? નવરાશના વખતની મોજ નવરાસના સમયન સાથેજ નાશ પામવી જોઇએ. એ મોજને ચાલ્યા જવાનો રસ્તો બંધ કરીએ તો એ દુઃખમાં ફેરવાઇ જાય છે. એ સુખ જેટલો વખત ટકે તેટલો વખત માણી લ્યો ? જીવનપ્રભાત પ્હોંચે ત્યાં સુધી ઇચ્છા મુજબ આનંદ

ભોગવી લ્યો; મૃત્યુસંધ્યા આવ્યા પછી વધુ ભોગવવાની લાલસા ન રાખો !......આ દિવસ પૂરો થયો લ્યો, આ માળા પ્હેરો. હું થાકી ગઇ છુ. મને તમારી બાથમાં ભીડી લ્યો, પ્રિયતમ ! અને આપણા અધરનાં મધુર મીલનમાં અસંતોષની વ્યર્થ ચિંતાઓ ભૂલી જાઓ !

અર્જુનઃ જો, સાંભળ વાલી ! દુર ગામના મંદિરમાંથી આરતીનો ઘંટનાદ શાંત વૃક્ષોમાં થઇને સંધ્યાની શીતળ વાયુલહરી સાથે ચાલ્યો આવે છે !

મહાન વિદ્વાનોએ પણ વખાણેલું દરેક સ્ત્રી પુરૂષોનાં દરેકે દરેક અવયવોપર અજબ પ્રકાશ પાડનાર

મહાન ગ્રંથ

જીવન-રહસ્ય

મસ્તક વિદ્યા, કામશાસ્ત્ર, શૃંગારરસ અને જીવન રહસ્યના અનેક પ્રસંગોની તાત્વિક ચર્ચાયુકત નવીન ગ્રંથ

દોઢસો પીકચર અને ચારસો પાનાનું મોટા સાઈઝનું સુંદર આરટીસ્ટીક પુસ્તક

કીંમત ફકત રૂપીયા સાત.

વી. પી. પોસ્ટેજ જુદું.

ડીટેકટીવ વારતાના શોખીનો માટે

ખૂની કે જાદુગર?

તમે જીવતી ડાકણ જોઈ છે? જાદુગરો કેવા જાદુ કરે છે તે તમે જાણો છો? મંત્ર તંત્ર અને જંત્રના ભેદ જાણવાને તમે આતુર છો? ડિટેકટીવોની અજબ કુશળતા શીખી તમારે જાતે ડીટેકટીવ થવું છે? આ બધી માહીતી છપાતી નવલકથામાંથી મળશે. એક મુસ્લીમ ડીટેકટીવ એક જાદુગરના પાપો અજબ રીતે શોધી કાઢે છે તે વાંચતાં તમારૂં દીલ ખુશખુશ થઈ જશે.

ફકત બાર આના

આજેજ લખો:—**વિલાસ ઓફીસ,**

૧૮૧, બાજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

પ્રવેશ પાંચમો.

પાત્રો: વસન્ત અને મદન.

વસન્ત: મિત્ર ! જરા ધીમે ! હું તમારી સાથે નથી ચાલી શકતો. હું થાકી ગયો છું. તમે જે આગ સળગાવી છે તે સતેજ રાખવી બહુ મશ્કેલ કામ છે. મને ઝોકાં આવે છે; હાથમાંથી પંખો સરી પડે છે; અને અંગારાપર રાખ જામી જાય છે ! ઉંઘમાંથી સફાળો જાગી એ બુઝાઇ જતી જવાલાને સાચવી રાખવા મારાથી વધારે વખત નહિ નભાય ?

મદન: તું બાળક જેવો અસ્થિર છે, એ હું જાણું છું. સ્વર્ગમાં તેમજ પૃથ્વી પર તારી રમત હંમેશાં અસ્થિરજ હોય છે. જે વસ્તુ તું દિવસો સુધી અથાગ શ્રમ લઇ બનાવે છે, તે પળવારમાં તોડી નાંખતા તને શોક નથી થતો. પણ આપણું આ કામ હવે લગભગ પૂરૂં થયું છે. આનંદના દિવસો ઝડપથી વહી જાય છે અને લગભગ પુરૂં થવા આવેલું વર્ષ હવે થોડા સમયમાં આનંદથી મુર્છા પામશે !

પ્રવેશ છઠ્ઠો.

પાત્રો: અર્જુન અને ચિત્રા.

અર્જુન: પ્રભાતમાં જાગીને મેં જોયું તો મારા સ્વપ્નામાં મને એક રત્ન મળ્યું હતું. એ રત્નને સાચવી રાખવા મારી પાસે પેટી નથી; જડી લેવા માટે રાજમુકુટ નથી; પરોવી લેવા માટે સાંકળીયે નથી, છતાં, તે ફેંકી દેવાને જીવ નથી ચાલતો. એ રત્નને સાચવતાં સાચવતાં ક્ષત્રિયનો મારો જમણો હાથ પોતાની ફરજો-યે ભૂલી ગયો છે.

(ચિત્રા આવે છે.)

ચિત્રા: શું વિચાર કરો છો, નાથ?

અર્જુન: હું આજે શિકારે જવાનો વિચાર કરૂં છું. જો, પેલી ટેકરીઓ પર કેવો મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. આખા જંગલ પર વાદળાંની ઘનઘોર છાયા છવાઇ ગઇ છે અને ઉભરાઇ જતાં ઝરણા, ઉધ્ધત જુવાનની જેમ, સર્વ અંતરાયો કુદી હસતાં આગળ ધસે છે. આવા વર્ષાના દિવસોમાં અમે પાંચે ભાઇઓ ચિત્ર-કવનમાં રાની પશુઓનો શિકાર કરવા જતાં, કેવા એ આનંદના દિન હતા! મેઘરાજના ડંકાના ગડગડાટ સાથે અમારા હૃદય નાચી રહેતાં. મોરના કેકાનો વનની ઝાડીઓમાં પડઘો પડતો. મેઘવૃષ્ટિના અને પાણીના ધોધના અવાજને લીધે બ્હીકણુ હરણાં અમારાં પગલાં સાંભળી શકતાં નહિ; ચિત્તાના પગલાં ભીની જમીનમાં પડવાથી તેમની બોડ અમે સ્હેલાઇથી ખોળી કાઢતા. શિકાર પુરો થયે, પ્રચંડ ઝરણાં તરીને ઘેર પાછા ફરવાની હરિફાઇ અમે કરતા. એ વ્યાકુળતા અત્યારે મારામાં વ્યાપિ ગઇ છે. હું શિકારે જવા ઉત્સુક થઇ રહ્યો છું.

ચિત્રા: હમણાં જે શિકારની પાછળ પડયા છો તેનેજ પ્હેલાં કબજે કરી લ્યો. જે માયાવી મૃગ પાછળ તમે પડયા છો તેને કબજે કરી લેવાને, શું તમે ખરેખર ઇચ્છો છો? જરા ધીરા પડો. સ્વ-

પ્નની જેમ એ જંગલી પ્રાણી જ્યારે તમે ધારતા હશો કે હવે બહુ નજદીક છે ત્યારેજ છટકી જશે. જુઓ, આ મેઘ પાગલ બની હજારો તીરો વરસાવતો વાયુની પાછળ પડયો છે. છતાં વાયુ અજીત રહી ફાવે ત્યાં ફરતો ફરે છે. પ્રિયતમ ! તમારા હાથમાંનું એકેએક શુર ફેંકતા ફેંકતા તમે પવનવેગી સૌંદર્યની પાછળ પડયા છો. છતાં એ માયાવી મૃગ સ્વતંત્ર ને અસ્પર્શ્ય રહી દોડતો ફરે છે!

અર્જુનઃ પ્રિય ! સ્નેહી જનો આતુરતાથી તારી રાહ જોતાં હોય એવું કોઇ ગૃહ તારે નથી ? તારી મધુરી સુશ્રુષાથી એકવાર પ્રકાશમય બનેલું ગૃહ અત્યારે જંગલના જેવા ઘોર અંધકારથી છવાઇ ગયું હશે !

ચિત્રાઃ કેમ આવા સવાલ પુછો છો ? વિચાર કર્યા વિના આનંદ લુંટવાનો સમય પુરો થઇ ગયો ? તમે જુઓ છો તેથી મારામાં કંઇ અધિક નથી, એ શું નથી જાણતા ? અહિં સિવાય મારે બીજું કોઇ સ્થળ નથી. કિંશુક પુષ્પની પાંદડી પર ઠરેલા ઝાકળના બિંદુને નામઠામ હોય ખરાં ? તે સવાલોનો જવાબ આપી શકે ? તમે જેને ચાહો છો તે એ ઝાકળના બિંદુ જેવી છે !

અર્જુનઃ જગત્ સાથે એને કાંઇ સંબંધજ નથી ? કોઇ મનસ્વી દેવે બેદરકારીથી પૃથ્વીપર ફેંકી દીધેલા સ્વર્ગના અંશ જેવીજ એ માત્ર છે ?

ચિત્રાઃ હા !

અર્જુનઃ હંઅ ! તેથીજ મને હંમેશાં લાગે છે કે હું તને ખોઇ બેસીશ. મારૂં હ્રદય અસંતુષ્ટ રહે છે; મારા મનને ચેન નથી પડતું. રે દુર્લભ સુંદરી ! મારી પાસે આવ. નામ, ઠામ અને કુળના બંધનોનો સ્વીકાર કર. તું સર્વત્ર છે એ મારા હ્રદયને અનુભવવા દે અને સ્નેહની શાન્તિમય નિર્ભયતામાં તારી સાથે મને જીવન ગાળવા દે !

ચિત્રાઃ વાદળાંના રંગને, મોજાંઓના નૃત્યને, પુષ્પોની સુગંધને કબજે કરી રાખવાના વ્યર્થ પ્રયત્નો શા માટે કરો છો ?

અર્જુન: વ્યર્થ વાતો કરી પ્રેમની જ્વાળા શાંત પાડવાની આશા ન રાખ! આનંદથી યે વધારે ટકે, આફતમાંયે મને ન છોડે એવી વસ્તુ મારે જોઇએ છે!

ચિત્રા: નાથ? વર્ષ હજી પૂરૂંયે નથી થયું ત્યાં તો તમે થાકી ગયાં. પુષ્પનું જીવન ટુંકું રાખવામાં પ્રભુએ કૃપા કરી છે, એમ મને હવે સમજાય છે. ગઇ વસન્તના પુષ્પો સાથે મારૂં આ શરીર મૃત્યુ પામ્યું હોત તો હા ખચીત હું માન સાથે મરત. હા, વ્હાલા! એ શરીરના દહાડા હવે ભરાઇ ચૂક્યા છે. જે સમય બાકી રહ્યો છે તે વ્યર્થ ન જવા દેશો. વસન્તની કળીઓ ધુળમાં મળ્યા પછી તરસી મધમાખની જેમ રખેને તમારૂં ભૂખ્યું હૃદય ઇચ્છા તૃપ્તિ અર્થે પાછું આવે અને નિરાશ થાય માટે અત્યારેજ એ બધો મધુરસ ચુસી લ્યો!

ચિત્રા અને માલિની.



"તુ આ ફુલમાલા કેમ ગુંથે છે તે હું જોઇ રહ્યો છું." (પાનું ૧૯).

પ્રવેશ સાતમો.

પાત્રો:—ચિત્રા, મદન અને વસન્ત.

મદન: બાલા! આજે તારી છેલ્લી રાત છે.

વસન્ત: આવતી કાલે તારૂં સૌંદર્ય વસન્તના અક્ષય ભંડારમાં પાછું ફરશે. અર્જુનના ચુંબનોની સ્મૃતિથી મુક્ત થયેલા તારા અધરની રતાંશ આશોપાલવના તાજાં પાદડાની જેમ ફરી ખીલશે અને તારી સુંવાળી શ્વેત તેજભરી ત્વચા સેંકડો જાઇ પુષ્પના સુવાસથી મ્હેકી રહેશે!

ચિત્રા: ઓ દેવો! મારી એક પ્રાર્થના સ્વીકારો. આજ રાતની છેલ્લી ઘડીએ બુઝાઇ જતા દીપકના છેલ્લા ચમકારાની જેમ મારૂં સૌંદર્ય અત્યંત ઝબકી રહે, એવું મને વરદાન આપો!

મદન: તારી ઇચ્છા પુરી થશે, બાલા!

પ્રવેશ ૮ મો.

પાત્રો: ખેડુતો, અર્જુન અને પાછળથી ચિત્રા.

ખેડુતો: અરે રે ! હવે અમારૂં રક્ષણ કોણ કરશે ?

અર્જુન: કેમ વારૂ ? શું ભય તમારી પર આવી પડયો છે ?

ખેડુતો : ઉત્તર તરફની ટેકરીઓમાંથી અમારૂં ગામ લુંટી લેવાને લુંટારાઓ પર્વતો પરથી પડતા ધોધની જેમ ધસી આવે છે !

અર્જુન : શું આ રાજ્યમાં તમારો કોઇ રક્ષક નથી ?

ખેડુતો: રાજકુમારી ચિત્રાના નામથી બદમાસો થરથરતા. જ્યારે તે આ સુંદર ભૂમિમાં વસતાં ત્યારે કુદરતી મૃત્યુ સિવાય અમને બીજા કોઇની બીક ન હતી. હમણાં તે યાત્રાએ ગયાં છે અને અત્યારે કયાં હશે તે કોણ જાણે ?

અર્જુન: ત્યારે આ દેશની રક્ષક એક સ્ત્રી છે ?

ખેડુતો : હા, એજ અમારી માબાપ છે !

(ગામડીઆઓ જાય છે)

(બીજી તરફથી ચીત્રા આવે છે)

ચિત્રા: કેમ અહિં એકલા બેસી રહ્યા છો ?

અર્જુન: હું વિચાર કરૂં છું કે રાજકુમારી ચિત્રા કેવા પ્રકારની સ્ત્રી હશે ! લોકોને મોઢે એના સંબંધી મેં અનેક વાતો સાંભળી છે !

ચિત્રા: એમ કદાચ હશે. પણ તે ખુબસુરત નથી. મારા જેવી શ્યામ, મોહક આંખો તેને નથી ! તે ઇચ્છા મુજબ નિશાન વીંધી શકતી હશે પણ કોઇ વીરનું જીગર ભેદવાની શકિત તેનામાં નથી.

અર્જુન: લોકો તો કહે છે કે તેનામાં પુરૂષ જેવી વીરતા અને સ્ત્રી જેવી કોમલતા છે !

ચિત્રા: એજ એનું મોટામાં મોટું દુર્ભાગ્ય છે ને ! જ્યારે એક સ્ત્રી માત્ર "સ્ત્રી" જ હોય, પોતાના હાસ્યથી, નિશ્વાસોથી સેવા સુશ્રુષાથી અને લાડભર્યા હાવભાવથી તે પુરૂષોના હૃદયની આસપાસ

વીંટળાઈ રહેતી હોય ત્યારેજ સુખ પામે છે. વિદ્વતા કે મહાન પરાક્રમો તેને શાં કામના? જંગલમાં આવેલાં શિવમંદિરના ચોકમાં ગઈ કાલે એને તમે જોઈ હોત તો એક નજર નાખવાની યે દરકાર કર્યા વિના તમે ચાલ્યા જાત. પણ શું તમે સ્ત્રીના સૌંદર્યથી એટલા બધા કંટાળી ગયા છો કે તેનામાં હવે પુરૂષોચિત શૌર્ય જોવાની ઇચ્છા થઈ છે?

રાત્રિ જેવી એક અંધારી ગુફામાં પાણીના ધોધના ઉછળતા ફીણથી ભીંજાયલા પાંદડાની શય્યા બપોરે આપણે આરામ લેવા માટે મેં તૈયાર કરી છે. ત્યાંના કાળા જળ ઝરતા પત્થરો પર બાઝેલી મૃદુ લીલની ઠંડક તમારા નયનોને આનંદ આપી રહેવાઇથી નિદ્રા આણશે, ચાલો, આપણે ત્યાં જઈએ.

અર્જુનઃ ના, વ્હાલી! આજે નહિ.

ચિત્રાઃ કેમ, આજે કંઈ વાંધો છે?

અર્જુનઃ મેં સાંભળ્યું છે કે ટેકરીઓમાંથી લુંટારાઓ ગામ પર ધસી આવે છે. ભયભીત થયલા ખેડુતોનું રક્ષણ કરવા મારા શસ્ત્રો મારે તૈયાર કરવાં જોઇએ.

ચિત્રાઃ તમારે એ સંબંધી ચિંતા કરવાની જરૂર નથી. રાજકુમારી ચિત્રા યાત્રાએ ગઈ તે પ્હેલાં સરહદના માર્ગો પર સખ્ત ચોકી-પ્હેરો મુકી ગઈ છે.

અર્જુનઃ છતાં એક ક્ષત્રિય તરીકેની ફરજ બજાવવા મને થોડોક સમય રજા આપ. મારા આળસુ હાથને નવા પરાક્રમથી પ્રતાપી બતાવી તારા શિર માટે વધારે યોગ્ય ઉશીકું બનાવીશ!

ચિત્રાઃ પણ મારી બાથમાં જકડી રાખીને તમને ન જવા દઉં તો? શું તમે મને તરછોડીને બળજબરીથી ચાલ્યા જશો? જાઓ ત્યારે! પણ એટલું યાદ રાખજો કે તૂટેલી સ્નેહલતા પાછી નહિ સંધાય તમારી તરસ છીપાઈ ગઈ હોય તો ભલે જાઓ! પણ હજી તરસ્યા રહ્યા હો તો એટલું યાદ રાખજો કે આનંદની દેવી બહુ અસ્થિર-ચંચલ હોય છે અને કોઈ પણ માણસની રાહ જોઈ થોભતી નથી. થોડીવાર બેસો નાથ! શા વિચારો તમારા હૃદયને મુંઝવે છે તે મને કહો! આજે કોણે તમારા હૃદયમાં ઘર કર્યું છે? ચિત્રાએ?

અર્જુન: હા. આજે ચિત્રા મારે મન વસી છે એ કયા વ્રતની પૂર્ણાહુતિ માટે યાત્રાએ ગઇ હશે, તે હું સમજી શકતો નથી. એને શાની જરૂર હોઇ શકે ?

ચિત્રા: એને શાની જરૂર ? અરે, એ દુર્ભાગી સ્ત્રી પાસે હતુંજ શું ! એના ઉમદા ગુણોજ એના સ્ત્રી હૃદયને અંધારી કોટડીમાં પૂરી રાખી કેદખાનાની ગરજ સારે છે. એ બિચારી અંધારામાંજ રહી છે; એની વાસનાઓ તૃપ્ત નથી થઇ. એના સ્ત્રીહૃદયને ફક્ત ચીંથરામાં સજ્જાઇને રહેવું પડે છે; એને સૌંદર્ય નથી મળ્યું. પર્વતના શિખર પર બેઠેલી કાળાં વાદળાંની છાયાથી નિસ્તેજ બનેલી, કોઇ આનંદહીન પ્રભાતની દેવી સમી એ છે. એના જીવનવૃત્તાંત વિષે મને ન પૂછશો. પુરૂષના કાનને એ જીવનકથા મધુર નહિ લાગે !

અર્જુન: એના વિષે બધુંય જાણવાને હું ઇંતેજાર છું. મધ્યરાતે કોઇ અજાણ્યા નગરમાં આવી ચડેલા મુસાફર જેવી મારી સ્થિતિ છે. એ નગરના ઘુમ્મટો, મિનારાઓ અને બગીચાના વૃક્ષો માત્ર આભાસરૂપ–છાયા જેવાં દેખાય છે અને નિદ્રાની શાન્તિનો ભંગ કરતી સમુદ્ર ગર્જનાનો ધીમો અવાજ સંભળાય છે. સવાર ક્યારે પડે ને એ નગરની અજબ સુંદરતા તે નિહાળી શકે, એવી ઉત્સુકતાથી તે રાહ જોઇ રહે છે. મારી સ્થિતિ એવી થઇ છે. મને એની વાત કહે !

ચિત્રા: હવે કહેવા જેવું બાકી શું રહ્યું છે ?

અર્જુન: સફેદ ઘોડા પર સવાર થઇ ડાબા હાથમાં લગામ પકડી, જમણા હાથમાં ધનુષ્ય રાખી વિજયદેવી સમી પોતાની આજુબાજુ આનંદમય આશાનો સંચાર કરતી એને હું મારી કલ્પના–દૃષ્ટિથી જોઉં છું. ખબરદાર સિંહણ જેમ ભયાનક પ્રેમથી પોતાનાં બચ્ચાંનું રક્ષણ કરે છે, તેમ એ પ્રજાનું રક્ષણ કરી રહી છે. અલંકાર વિનાના એ સ્ત્રીના સશક્ત હાથ સુંદર દેખાય છે શીયાળાની લાંબી ઉંઘ કરી જાગેલા સર્પની જેમ મારૂં દિલ બેચેન થયું છે, સુંદરી ! ચાલ, આપણે બન્ને ઘોડેસ્વાર થઇ, બે તેજના ગોળા આકાશમાં ઉડે તેમ ઉડી જઇએ ! ચાલ, આ નિદ્રા આણતાં લીલાંછમ, સુગંધના નિશાથી ભરેલાં, શ્વાસોશ્વાસ રોકી રાખતા કેદખાનામાંથી નાસી છૂટીએ.

ચિત્રા: અર્જુનદેવ! સાચું કહેજો. જો કોઇ જાદુઇ શક્તિથી હું મારી આ વિષયાસક્ત નાજુકતા, દુનિયાના સ્પર્શથી લજ્જા પામતું આ સૌંદર્ય દૂર કરૂં, માંગી આણેલા પોશાકની જેમ મારા શરીરમાંથી કાઢી ફેંકી દઉં, તો તમે તે સહી શકશો? લાડઘેલી અબળાના નખરાં અને હાવભાવ તજી દઇ હિમ્મતવાન મર્દની જેમ બળવાન બની ટટાર ઉભી રહું, વેલીની જેમ ધુળમાં રગદોળવાનું છોડી પહાડ-પરના ઉંચા દેવદારૂ વૃક્ષની જેમ મારૂં મસ્તક ગૌરવથી ઉંચું રાખું, તો તમારી પુરૂષદૃષ્ટિને શું હું પ્રિય લાગીશ? ના, ના, તમે તે નહિ સહી શકો! એનાં કરતાં ચંચલ યુવાનોને આકર્ષે એવી રમતની સામગ્રીઓ મારી આસપાસ રાખી, ધીરજથી તમારી વાટ જોઉં એજ વધારે ઠીક છે. તમારી પાછા ફરવાની ઇચ્છા હશે ત્યારે આ ખુબ-સુરત શરીર રૂપી પ્યાલીમાં આનંદરસ રેડી તમને હસતી હસતી પાઇશ. પછી પાછા કંટાળો અને તૃપ્ત થઇ જાઓ ત્યારે તમારે કામે પાછા વળજો. હું જુદા થઇશ ત્યારે તમારા હૃદયમાં મારે માટે જે કંઇ એક ખુણો રહેશે તેનો હું નમ્રતાથી અને આનંદથી સ્વીકાર કરીશ. તમારી રાત્રિની ક્રીડાની સખી દિવસે પણ તમારી સાથી થવાની અભિલાષા રાખે, તમારો ડાબો હાથ તમારા પ્રતાપી જમણા હાથના કર્તવ્યભારમાં ભાગ લેતાં શીખે તો શું તમારૂં વીર હૃદય પ્રસન્ન થશે?

અર્જુન: વ્હાલી! મને હંમેશાં લાગે છે કે હું હજી તને પૂરે-પૂરી નથી પિછાણી શકયો! સોનાની મૂર્તિમાં છૂપાયલી દેવી જેવી તું મને લાગે છે. તારી અમૂલ્ય બક્ષીસોના બદલામાં હું તને સ્પર્શી શકતો નથી, કે નથી તને કંઇ આપી શકતો. એ રીતે મારો પ્રેમ અપૂર્ણ રહે છે. કોઇક વેળા તારી શોકમય નઝરના ભેદી ઉંડાણમાં, પોતાનાજ અર્થની મજાક કરતા હોય એવા તારા રમતીઆળ શબ્દો-માં, આ શરીરના ઉત્સુક લાવણ્યનું બંધન તોડી, સ્મિતનો આછો પડદો ચીરી દુઃખાગ્નિમાં સ્નાન કરી પવિત્ર થઇ નીકળવા પ્રયત્ન કરતા કોઇ જીવનો આભાસ થાય છે. આ એ સત્યનું પ્રથમ દર્શન છે. સત્ય પોતાના પ્રિયતમ પાસે છૂપા વેશમાં આવે છે, પણ વખત

જતાં અલંકારો અને ઘુંઘટ દૂર કરી પોતાનું સાચું સ્વરૂપ પ્રકટ કરે છે. તારાં એ સત્ય અને અંતિમ સ્વરૂપમાં દર્શન કરવા હું વલખાં મારું છું.

શા માટે આંસુ સારે છે, મારી વ્હાલી! શા માટે તારું મુખ ઢાંકી લે છે? મેં તને દુભવી પ્રિયતમા? તો મેં કહ્યું તે બધું ભૂલી જા. હું વર્તમાનથીજ સંતોષ માનીશ. કોઇ અદૃશ્ય માળામાંથી આવતા ભેદી પક્ષીના ગાનની જેમ આનંદની પ્રત્યેક પળ મારી પાસે આવવા દે. એ ભેદ ખુલવાની આશામાં ને આશામાં હું રાહ જોતો બેસીશ અને મારા દિવસો નિર્ગમન કરીશ.

'ઝેનિથ'

દ્રાક્ષાસવ

ઝેનિથ દ્રાક્ષાસવ પ્રસિધ્ધ આયુર્વેદિક પધ્ધતિથી શાસ્ત્રોકત બનાવવામાં આવેલ છે. આના સેવનથી ક્ષયની પ્રથમાવસ્થા, દમ, ખાંસી, તેમજ છાતીનાં દરદો, સળેખમ, અરૂચી, અજીરણ. બંધકોષ, છારીયા ઓડકાર, અમ્લપીત્ત, ઉલટી, કંઠરોગ વિગેરે તદ્દન મટી જાય છે. તેમજ નાનાં બચ્ચાંઓને ઉટાટીયા ઉપર ઘણોજ સારો ફાયદો આપે છે. પીવામાં ઘણુંજ લીજ્જતદાર છે. તેમજ આના નિયમીત સેવનથી, દસ્ત, સાફ આવે છે ને કકડીને ભુખ લાગે છે, પાચનશકિત વધારે છે અને અન્નપર રૂચી ઉત્પન્ન કરે છે. રાત્રીએ સુતી વખતે "ઝેનિથ દ્રાક્ષાસવ" પીધાથી ઉંઘ સારી આવે છે અને સવારે ઉઠતાં કામ કરવાને ઉત્સાહ ને જોમ રહે છે.

ધી

ઝેનિથ કેમિકલ વર્કસ

આરબ બીલ્ડીંગ લુહાર ચાલ, મુંબઈ નંબર ૨.

પ્રવેશ નવમો.

પાત્રો: ચિત્રા અને અર્જુન.

(ચિત્રા ઝભ્ભો પ્હેરીને આવે છે)

ચિત્રા: નાથ ! આનંદરસની આખી પ્યાલી પી ગયા ? હવે એક પણ ટીપું બાકી નથી ? શું એ ખેલ ખતમ થયો ? ના, ના ! સઘળું ખતમ થઇ ગયા પછી યે કંઇક તો બાકી રહેશે; અને તે કંઇક તમારે ચરણે મારી છેલ્લી ભેટ છે !

હૃદયેશ્વર ! તમારી પૂજા માટે સ્વર્ગના નંદ વનમાંથી હું અનુપમ સુંદર પુષ્પો લાવી હતી. હવે એ પૂજા પૂરી થઇ હોય, પુષ્પો બધાં ચીમળાઇ ગયા હોય તો મંદિરમાંથી તેમને કાઢી બ્હાર ફેંકી દઉં (ઝભ્ભો કાઢીને ફેંકી દે છે નીચે એણે પુરૂષ વેશ પ્હેરેલો છે) હવે તમારી આ પુજારણ તરફ દયાભરી નજરે જુઓ !

જે પુષ્પો વડે મેં તમારી પુજા કરી તેવી હું ખુબસુરતીમાં સંપુર્ણ નથી. મારામાં ઘણીયે ખોડ ખાંપણો ભરી છે. જગતના ઘોરી માર્ગની હું મુસાફર છું. મારાં વસ્ત્રો પર ધુળ વળગી છે; મારા પગમાં કાંટા વાગવાથી લોહી નીકળે છે. પુષ્પ જેવી સુંદરતા ક્ષણિક જીવનની નિષ્કલંક મોહકતા હું કયાંથી લાવું ? તમારે ચરણે ધરવા મેં આણેલી ગૌરવ ભરી ભેટ એક ઓનું હૃદય છે ! એ હૃદયમાં એક માટીની પુતળીની હર્ષ શોકની, આશા, ભય અને લજ્જાની લાગણીઓ ભેળી થઇ છે; એજ હૃદયમાં અમર જીવન જીવવા મથતો પ્રેમ પ્રકટયો છે ! હૃદયમાં અપુર્ણતા છે, જે હજીયે ભવ્ય અને ઉમદા છે. પુષ્પ પુજા જો પુરી થઇ હોય, નાથ ! તો ભવિષ્ય માટે આ શરીરનો દાસી તરીકે સ્વીકાર કરો !

હું રાજકુમારી ચિત્રા છું. એક દિવસ સુંદર વસ્ત્રાલંકાર સજી શિવ મંદિરમાં એક સ્ત્રી તમારી પાસે આવી હતી તે યાદ હશે. એ બેશરમ સ્ત્રી પોતે પુરૂષ હોય તેમ તમારો પ્રેમ માંગવા આવી હતી. તમે તેનો અસ્વીકાર કર્યો એ ઠીકજ કર્યું. નાથ હું તે સ્ત્રી છું. તે મારો છુપો વેશ હતો. તે પછી દેવોના વરદાનથી એક વર્ષ માટે મેં મનુષ્ય જાતિમાં કોઇને નહિ મળ્યું હોય એવું અલૌકિક ઝળહળતું

સૌંદર્ય મેળવ્યું. અને એ જીતરપીંડીના ભારથી મારા વીરનરના હૃદયને કંટાળો આપ્યો. ખચીત, હવે હું તે સ્ત્રી નથી !

હવે હું ચિત્રા છું ! હું પુજવા યોગ્ય દેવી તો નથી, છતાં દયાને પાત્ર બેદરકારથી હાંકી કાઢવા જેવું પતંગીઉં પણ નથી. ભય અને સાહસભર્યા કર્તવ્યોમાં મને તમારે પડખે રાખવાની કૃપા કરશો. તમારા જીવનની મહાન ફરજો અદા કરવામાં મને ભાગ લેવા દેશો. તો મારા સત્ય સ્વરૂપને બરોબર પિછાણી શકશો. મારા ગર્ભમાં તમારા જે બાળકને હું પોષી રહી છું તે જો પુત્ર અવતરશે તો તેને બીજો અર્જુન બનવાનું હું જાતે શિક્ષણ આપીશ, અને વખત આવ્યે તેને તમારી પાસે મોકલીશ, ત્યારેજ તમે મને પુરેપુરી ઓળખી શકશો. અત્યારે હું તમારે ચરણે ફકત રાજકુમારી ચિત્રાજ ભેટ તરીકે ધરી શકું છું !

અર્જુનઃ પ્રિયા ! આજે મારૂં જીવન સફલ થયું !

સમાપ્ત.

ચાલુ જમાનાનો ચમત્કારીક ઇલાજ !!!—

—(ફાયદો ન કરે તો પૈસા પાછા)

નપુંસકપણું મટાડી ઢીલી નસોમાં અપુર્વ તાકાત આપી લોહી તથા વીર્યને સુધારી કામ કરનાર સર્વોત્તમ દવા

ચંદ્રકળા ચાકુતી

(ચમત્કારાક દેશી ઓષધ)

અસલ ચંદ્રોદય રસનો ગુણ તથા પ્રભાવ કેવો અલૌકીક અને ચમત્કારી છે તે તો તેને વાપરનાર રાજા મહારાજા અમીર ઉમરાવ તથા શ્રીમંત લોકોજ જાણે છે પણ તેની કીંમત એટલી તો ભારે છે કે ગરીબ તેમજ સાધારણ માણસો હંમેશાં તેના ઉપયોગથી દુરજ રહે છે, તેથી અમોએ અદ્ભુત શક્તી આપનાર ઉત્તમોતમ ઔષધીઓ સાથે શાસ્ત્રોક્ત રીતે કાર્યકુશળતાથી ઉપર જણાવેલા ઉમદા રસનું તેમાં અનુપાન સાથેજ મીશ્રણ કરી તેનું "ચંદ્રકળા ગોળીઓ" એવું ઉત્તમ નામ આપ્યું છે, અને તેવાજ પ્રતાપથી આ ગોળીઓ પાસે કેસર, કસ્તુરી. અંબર, શીલાજીત, સુવર્ણ તથા મૈક્તિક મીશ્રીત ગોળીઓ પાકો, મોદકો તથા ચુર્ણાદિક કોઇ પણ દવાઓનું બીલકુલ તેજ પડતું નથી એમ અનુભવે સાબીત કરી આપ્યું છે.

આ ગોળીઓનું સેવન કરનાર મનુષ્યના શરીરમાંથી જુવાની કદી જતી નથી. શરીર દળ થાય છે અને કોઇપણ કારણથી પ્રાપ્ત થએલ અશક્તી (નામરદાઇ) નો નાશ કરી શરીરના દરેક અવયવોની નસોને જાડી, લાબી, મજબુત, લોહીઆળ, તથા વીર્યના ટકાવવાળી બનાવી ચાહે તેવા વીર્યહીન થએલા પુરૂષને પણ નવી જુવાનીમાં લાવી મુકે છે.

ફકત એકજ ડબીના સેવનથી વીર્યસ્ત્રાવ, મુખધાત, સ્વપ્નાવસ્થા, પેશાબ અને દસ્ત વખતે ધાતુનું જવું શીથીલતાથી નીરાશ થવું, વીગેરે ધાતુના વીકારથી થતાં તમામ દરદોને તાત્કાળીક નાબુદ કરી લોહીને લાલ, વીર્યને ઘટ તથા જઠરાગ્નીને સતેજ કરી શીઘ્ર તેમજ તવાઇ ગએલા શરીર તથા ચહેરાને પુનઃ ગુલાબી તથા કાંતીવાન બનાવે છે.

ફકત એકજ પખવાડીઆનાં પુરાં સેવનથી શરીરની ધાતુઓને, બાંધાની નસોને, લોહીને, માંસને. હાડકાને તથા ખાલી પડેલા મગજને સારી રીતે પુષ્ટી આપી શરીરના દરેક અવ્યવોના બળમાં આશ્ચર્યકારક વૃધ્ધિ કરી નબળી પડેલી છાતીમાં બેહદ જુસ્સો આપી તદ્દન અશક્ત તથા નીર્માલ્ય થએલાં શરીરને પણ રૂષ્ટપુષ્ટ, મજબુત, બળવાન તથા કદાવર બનાવે છે.

કીં. ગોળી ૨૪ ની ડબી ૧ ના રૂ. ૩-૦-૦ ત્રણ.

નમુના માટે આઠ ગોળીની બાટલીનો રૂ. ૧-૦-૦.

ગુપ્ત ભાગની નસોની કમજોરી દૂર કરી વીજળીક શક્તિ આપનાર અસાધારણ ચમત્કારીક વાયુત લેપ.

ચંદ્ર કામોદય ઘૃત.

નામર્દી કે નપુષકતાનો નાશ કરી વીજળીક શકતી અપનાર આ લેપ ઘણોજ ચમત્કારીક છે, ફકત એકજ શીશીના ઉપયોગથી હસ્તદોષથી ટુંકી પડેલી જનનેંદ્રીયને મુળ સ્થાતીએ લાવી તદન નામર્દ થએલા પુરૂષોને પણ પુરા મરદ બનાવે છે. કોઇ પણ જાતના સંઢત્વનો આનાથી નાશ થાય છે, કુકર્મથી નબળી પડેલી નસોમાં નવો જોસ પેદા થાય છે તથા તુટેલી નસોને પણ જોડી દઇ કમજોર નસોને મહા બળવાન બનાવી સંસાર સુખ ભોગવવામાં કાયમની મરદાઇ બક્ષે છે.

કીં. તો. ૨ાા ની શીશી ૧ ના રૂ. ૭. નમુનાની ૦ાા તો. શીશીનો રૂ. ૧ાા.

હિન્ડોચા ફાર્મસી, કાલબાદેવી રોડ, ભાંગવાડી સામે, પહેલે માળે, મુંબઇ. નં. ૨.

માલીની.

(નાટક.)

અંક ૧ લો.

સ્થળઃ–રાજમાર્ગપર પડતો રાજમહેલનો ઝરૂખો.

માલીની: કમળ પત્રપરના જળબિંદુ પેઠે આ પળે મારૂં હૃદય ડોલી રહ્યું છે નેત્રો બંધ કરીને જોઉં છું તો આકાશમાં તોફાનના ચિન્હો સંભળાય છે ને કોણ જાણે કેમ મારા જીગરને દર્દ થાય છે.

(રાણી પ્રવેશ કરે છે.)

રાણી: બ્હેન, આ શું ? તારા યૌવન અને સૌન્દર્યને શોભાવે એવાં વસ્ત્રો તું કેમ પહેરતી નથી ? તારાં અલંકારો કયાં છે ? મારી આશાની વેલ, તું શા માટે વસ્ત્રાલંકારો ધારણ કરતી નથી ?

માલીની: માતુશ્રી, કેટલાક એવા મનુષ્યો હોય છે કે જેઓ રાજ-મહેલમાં પણ જન્મથીજ ગરીબ રહે છે. જેમના નસીબમાં ગરીબીમાંજ દૌલતમંદી જોવાનુંજ લખાયલું હોય છે તેઓ સુવર્ણને સ્પર્શતા નથી.

રાણી: કાલા ઘેલા બોલ બોલતી મારી નાદાન બાલકી આવા મર્મ વાકયો બોલે છે ! બ્હેન, તારી વાત સાંભળું છું ત્યારે મારૂં હૃદય ભયથી ધડકી રહે છે. આપણા સઘળા ધર્મ શાસ્ત્રોથી વિરૂધ્ધ જતો આ નવો ધર્મ તું કયાથી ઉંચકી લાવી ? દીકરી, તારા પુજ્ય બૌધ્ધ સાધુઓ મેલી વિદ્યાનો ઉપયોગ કરે છે એમ લોકો કહે છે. તેઓ મનુષ્યોના મન જાદુથી હરી લઇ તેમાં જુઠાણાં ભરે છે. હું તને એમ પુછું કે શું ધર્મ શોધવાથી મળે એવી વસ્તુ છે ? શું ધર્મ સૂર્યના પ્રકાશની પેઠે હંમેશાં એની મેળેજ મલી રહેતો નથી ? હું સાદી ભોળી સ્ત્રી છું પુરૂષોના ધર્મો ને પંથો સમજતી નથી હું એટલુ જ જાણું છું કે સ્ત્રીનો સાચો ધર્મ પતિ અને બાળકોમાંજ સમાયલો છે.

(રાજા આવે છે.)

રાજા: માલિની! દીકરી! રાજવંશપર કાળાં વાદળ ઝઝુમી રહ્યા છે. તું જે વિનાશક પંથે જઇ રહી છે તેજ રસ્તે આગળ ન જા થોભ—જરા વાર થોભી જા.

રાણી: તમે કેવી અમંગલ વાત કરોછો ?

રાજા: માલીની! મારી મુર્ખ દીકરી! જો તારે આ પ્રાચીન દેશમાં તારો નવો ધર્મ આણવોજ હોય તો કિનારાપર વસતા લોકોને એકદમ તાણી જાય એવી ભયંકર રેલની પેઠે એ ધર્મને અચાનક ન લઇ આવ. તારા ધર્મને તારીજ પાસે રહેવા દે. તેની સામે પ્રજાનો ધિક્કાર ન ઉશ્કેર.

રાણી: મારી દીકરીને ઠપકો દઇને તમારી અટપટી મુત્સદ્દીગીરી એને ન શીખવો. એનાં ગુરૂઓ પસંદ કરી એને યોગ્ય લાગે તે રસ્તે જવાનો એને હક્ક છે

રાજા: રાણી, મારી પ્રજા ઉશ્કેરાઇ છે. તે માલીનીને દેશપાર કરવા માગે છે.

રાણી: દેશપાર ? કોને ? તમારી પોતાની પુત્રીને ?

રાજા: એની નાસ્તિકતાથી ભયભીત થઇ બ્રાહ્મણો એકત્ર થયા છે અને—

રાણી: નાસ્તિકતા ! શું તેમના જુના થોથાંમાજ બધળાં સત્યો ભરી રાખ્યાં છે ? તેમને કહો કે તમારા ઉધાઇથી ખવાઇ ગયલા ધરમના થોથાઓ ફેંકી દો અને આ બાળક પાસે શીખવા આવો. મહારાજ ! હું તમને કહી દઉં છું કે આ છોકરી સામાન્ય બાળકી નથી. એ અગ્નિની પવિત્ર જ્વાળા છે. કોઇ દૈવી આત્મા આપણે ત્યાં જનમ્યો છે. એને ન ધિક્કારો; નહિ તો કોઇ દિવસ તમને કપાળે હાથ દઇ રોવું પડશે.

માલીની: પિતાજી, તમારી પ્રજાની અરજ માન્ય કરી મને દેશપાર કરો.

રાજા: કેમ બ્હેન ? તને તારા પિતાના ઘરમાં ગમતું નથી ?

માલીની: સાંભળો પિતાજી ! જેઓ મને દેશપાર કરવાની માગણી કરે છે તેઓ મારા વિના ટળવળી રહ્યા છે. મા ! મારી વ્હાલી મા ! મારા મનમાં શું રમી રહ્યું છે તે દર્શાવવાની મારી વાણીમાં શકિત નથી. જરા પણ દરકાર કર્યા વિના પુષ્પોને ખરવા દેતાં વૃક્ષોની પેઠે મને છોડી દો. મને જગતમાં જવા દો કેમકે દુનિયાને મારી જરૂર છે.

રાજા: બ્હેન, તારી વાત મને સમજાતી નથી.

માલીની: પિતાજી ! તમે રાજા છો. હિમ્મત રાખો ને તમારી ફરજ બજાવો.

રાણી: દીકરી ! તારા આ જન્મ સ્થલમાં તારે માટે સ્થાન નથી ? શું દુનિયાનો બોજો તારા કોમળ મસ્તકપર નાખવાનું વિધિનું નિર્માણ છે ?

માલીની: મને જાગ્રત દશામાં એવાં સ્વપ્નાં આવે છે કે પવન જોસથી ફુંકાઇ રહ્યો છે, સમુદ્રમાં ભરતી ચઢી છે, રાત અંધારી છે અને ભર દરીએ હોડી પડી છે. એ હોડીમાંના લાચાર પ્રાણીઓને લઇ જનાર માલમ ક્યાં છે? હું તેનો રસ્તો જાણું છું. મારો હાથ લાગતાંજ હોડી ચાલવા માંડશે. હુ તેને કિનારે લઇ જઇશ.

રાણી: સાંભળો રાજન ! આ કોના શબ્દો છે ? શું એ આ નાહાન પુત્રી બોલે છે ? શું એ તમારી પુત્રી છે ? શું એણે મારી કુંખે જન્મ લીધો છે ?

રાજા: હા. રાત્રી પ્રભાતને જન્મ આપે છે છતાં પ્રભાત આખા જગતનું ગણાય છે. તેવીજ રીતે આ પુત્રી આપણી ને દુનિયાની છે.

રાણી: રાજન, આ જ્યોતિર્મયી મુર્તિને તમારા ઘરમાં આકર્ષી રાખવા જેવું તમારી પાસે કંઇજ નથી? દીકરી! માલીના તારા વાળ વીખરાઇને તારા ખભાપર ઉડી રહ્યા છે આવ,

હું તારો અંબોડો વાળું રાજન! બ્રાહ્મણો આ કોમળ પુષ્પને દેશપાર કરવા માગે છે!

રાજા: હા.

રાણી: તો માલીનીના નવા ધર્મની સ્થાપના થવા દો અને એ બ્રાહ્મણોને સત્યના નવા પાઠ ભણવા દો.

રાજા: રાણી, માલીનીને ઝરૂખામાંથી અંદર લઇ જાઓ જુઓ, રસ્તામાં લોકોનાં ટોળાં ભેગાં થતાં જાય છે.

(ત્રણે જણ જાય છે)

(ઝરૂખાની સામેના રસ્તાપર બ્રાહ્મણોનુ ટોળું આવી બુમ મારે છે)

બ્રાહ્મણો: રાજકુમારીને દેશપાર કરો.

ક્ષેમનકર: મીત્રો, સુહ્રદો, તમારા મન દ્રઢ રાખજો સર્વ દુશ્મનો કરતાં સ્ત્રી દુશ્મન વધુ ભયંકર હોય છે તે બુધ્ધિ વાદને માનતી નથી ને શકિત તેની આગળ શરમાઇને ઝાંખી પડી જાય છે. સ્ત્રીની લાચારી આગળ પુરૂષની શકિત આનંદથી નમી પડે છે.

પહેલો એક બ્રાહ્મણ: આપણે રાજાને મળીને કહેવું જોઇએ કે તેના કુટુંબમાં એક ઝેરી નાગણ પાકી છે તે આપણા પવિત્ર ધર્મને ડંખવા માગે છે.

સુપ્રિય: ધર્મ ? હું જ મુર્ખો છું તમારીજ વાત હું સમજતો નથી. શું તમારો ધર્મ એક નિર્દોષ કન્યાને દેશપાર કરવાની આજ્ઞા કરે છે!

પહેલો બ્રાહ્મણ: તું બેવફા છે સુપ્રિય! અમારા સઘળા સાહસોમાં તું નકતર નાખવા આવે છે.

બીજો બ્રાહ્મણ: અમે અમારા ધર્મનાં રક્ષણ માટે એકત્ર થયા છે તે વખતે તું કબાબમાં હડ્ડી જેવો નડવા આવે છે.

સુપ્રિય: તમે એમ ધારો છો કે સંખ્યાના જોર પર તમે સત્ય નક્કી

કરી શકશો અને શોર બકોર કરીને બુધ્ધિને દાબી શકશો ?

પહેલો બ્રાહ્મણઃ તું ઉધ્ધત છોકરો છે.

સુપ્રિયઃ હું ઉધ્ધત નથી પણ જેઓ પોતાના સાંકડા જીગરને અનુકુળ કરવા માટે ધર્મના ગમે તેવા આકાર ઘડે છે તેઓ ઉધ્ધત છે.

બીજો બ્રાહ્મણઃ એને બ્હાર કાઢો.

૧ લો બ્રાહ્મણઃ અમે સઘળાએ રાજકુમારીને દેશપાર કરવાનો નિશ્ચય કર્યો છે. જેને એ માન્ય ન હોય તે અહિથી ચાલ્યો જાય.

સુપ્રિયઃ બ્રાહ્મણો, તમે મને તમારા મંડળમાં દાખલ કર્યો એ તમારી ભૂલ હતી. હું તમારો છાયા કે તમારા પોથાનો પડઘો થવા માગતો નથી. ધાંધલ અને શોરબકોર કરનારાઓની સાથે સત્ય રહેતું હોય એમ હું કદિ કબુલ કરવાનો નથી અને મારા ધર્મનો આધાર પશુબળપર છે એ વિચારથી મને લાજ આવે છે. (કેમનકરને) મિત્ર હું જાઉં છું.

કેમનકરઃ નહિ. હું તને જવા દેવાનો નથી. તારૂં મન મક્કમ છે તે હું જાણું છું. વાદવિવાદ કરતી વખતેજ તું શંકા કુશંકાને વશ થાય છે. મૌન રહે મિત્ર ! વખત ઘણો ખરાબ છે

સુપ્રિયઃ આ અંધશ્રધ્ધા મારાથી સહન થતી નથી. એક કન્યાને તેના ઘરમાંથી કાઢી મુકવાથી ધર્મનું રક્ષણ થવાનું હતું ? એનો ગુન્હો શો છે તે તો કહો ? સત્ય અને પ્રેમ ધર્મના આત્મા અને શરીર છે એમ તે નથી માનતી ? જો માનતી હોય તો એ એકજ માન્યતામાં સર્વ ધર્મોનું તત્વ સમાઇ જતું નથી ?

કેમનકરઃ ધર્મનું તત્વ એકજ છે પણ તેના આકાર જુદા છે પાણી એકનું એકજ છે પણ તેને જુદા જુદા કિનારા હોય છે અને તે જુદી જુદી પ્રજાની માલીકીના છે. તમારા પોતાના જીગરમાં પાણીનો ઝરો હોય તો તે રહેવા દો. તેટલા માટે

જમાનાઓ થયા સાચવી રાખેલા બાપદાદાના કુવામાંથી પાણી ભરવા જનાર તમારા પાડોશીને ધિક્કારવાનો તમને હક નથી.

સુપ્રિય: તું કહે તે મારે કબુલ છે.

(ત્રીજો બ્રાહ્મણ આવે છે.)

ત્રીજો બ્રાહ્મણ: ફતેહ ફતેહ ! આપણો ઉપદેશ માન્ય રાખી રાજ્યનું લશ્કર આપણી પડખે આવવા તઇયાર થયું છે.

બીજો બ્રાહ્મણ: લશ્કર મને એ પસંદ નથી.

પહેલો બ્રાહ્મણ: મને પણ નહિ. એ તો બંડ થયું.

બીજો બ્રાહ્મણ: કેમનકર, હું એમ છેલ્લે પાટલે બેસવા માગતો નથી.

પહેલો બ્રાહ્મણ: આપણો ધર્મ વિજય મેળવશે–શસ્ત્રો નહિ. લોહી રેડવાથી ધર્મ બચતો નથી. પશ્ચાતાપ કરો–વેદ મંત્રો ઉચ્ચારો અને દેવતાઓની પ્રાર્થના કરો.

બીજો બ્રાહ્મણ: ઓ દેવી ! માતા ! જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે ત્યારે તું અવતાર ધારણ કરે છે આવ, માત, આવ અને નાસ્તિકોને ધુળ ચાટતા કર. અમારો ધર્મ સાચો છે એ પુરવાર કરવા જલદી આવ.

સઘળા: માતા, અમે તને પ્રાર્થના કરીએ છીએ. સ્વર્ગમાંથી નીચે આવ અને જગતનો ઉધ્ધાર કર.

(માલીની આવે છે.)

માલીની: હું આવી છું, (સુપ્રીય અને કેમનકર તેને જોતાં અલગ ઉભા રહે છે બીજા બધા નમન કરે છે)

બીજો બ્રાહ્મણ: દેવી, માતા, તું તારી ભયંકર મુર્તિ તજી દઇ સુંદર માનવ કન્યા થઇ આખર આવી ખરી ? તું ક્યાંથી આવી મા ? શું ઇચ્છે છે ?

માલીની: હું તમારા પોકારથી વિદેશમાં આવી છું.

બીજો બ્રાહ્મણ: તારા બાળકોનો પોકાર સાંભળી તું સ્વર્ગ તજી આવી મા ?

પહેલો બ્રાહ્મણ: પાહીમામ્ પાહીમામ્! દુનિયામાં કળજુગ આવ્યો છે મા!

માલીની: હું તમને કદિ પણ વ્હીલા મુકીશ નહિ. મારી ખાત્રી હતી કે તમારા દ્વાર મારે માટે હંમેશાં ખુલ્લા છે. તમે મને દેશપાર કરવાની બુમ મારી અને રાજમહેલના વૈભવ વિલાસમાંથી હું ઝબકીને જાગી ઉઠી

કેમનકર: રાજકુમારી!

સર્વ: શું ? આ રાજકુમારી!

માલીની: મને મારા ઘરમાંથી હાંકી કાઢવામાં આવી છે એટલે હું તમારા ઘરને મારૂં ઘર સમજીશ બોલો, સાચું કહો, તમને મારી જરૂર છે! હું એકાંતમાં રહેતી હતી ત્યારે તમે મને બ્હારની દુનિયામાં બોલાવી હતી ? એ વાત સાચી હતી કે સ્વપ્ન ?

પહેલો બ્રાહ્મણ: માતા! તું અમારા જીગરમાં જડાઇ ગઇ છે

માલીની: હું રાજમહેલમાં જન્મી હતી કદિ બારીએથી ડોકીયું કરી બ્હાર જોતી નહિ. મેં સાંભળ્યુ હતું કે દુનિયા દુઃખથી ભરી છે એ દુઃખ કેવું હોય તે હું જાણતી ન્હોતી. હવે દુઃખ કેવું હોય તે મને જોવા દો.

પહેલો બ્રાહ્મણ: તમારો મધુર સ્વર મારી આંખમાં પાણી લાવે છે.

માલીની: વાદળામાંથી હમણાંજ ચંદ્ર બ્હાર આવ્યો છે. આકાશમાં મહદ્ શાંતિ છવાઇ છે. એ એક ચંદ્રના પ્રકાશમાં આખા વિશ્વને એકત્ર કરવા માગે છે આ રસ્તો વૃક્ષોની છાયામાં ગુમ થઇ જાય છે; પેલા ઘરો ને દેવળો, દુર વહેતી પેલી નદી ત્યાં એકલી પડી છે. સ્વપ્નાનાં વાદળાંમાંથી અચાનક વરસાદની ઝુડીની પેઠે હું આ રસ્તાપર માનવ જગતમાં આવી પડી હોઉં એમ લાગે છે.

પહેલો બ્રાહ્મણ: તું આ જગતનો દૈવી આત્મા છે.

બીજો બ્રાહ્મણ: અમે તને દેશપાર કરવાની બુમ મારી ત્યારે અમારી જીભ કપાઇ કેમ ન ગઇ?

પહેલો બ્રાહ્મણ: ચાલો, બ્રાહ્મણો! આપણે આપણી માતાને પુનઃ તેના ઘરમાં લઇ જઇએ

(બ્રાહ્મણો સાથે માલીની જાય છે.)

કેમનકર: આ માયાથી અમિત ના થતો સુપ્રિય, તું ઉંઘમાં ચાલતા મનુષ્યની પેઠે કયાં જાય છે?

સુપ્રિય: મને જવાદો-જવાદો.

કેમનકર: શાંત થા. તું પણ એ અંધાઓની પેઠે આગમાં બળવા જાય છે?

સુપ્રિય: કેમનકર, શું એ સ્વપ્નું હતું?

કેમનકર: હા સ્વપ્નુંજ! તારી આંખ ઉઘાડ ને જાગ્રત થા.

સુપ્રિય; તમારા સ્વર્ગની આશા ખોટી છે. આજ સુધી મંત્રતંત્રની માથાકુટમાં મેં વ્યર્થ સમય ગાળ્યો. મને તેથી કદિ પણ શાંતિ મળી નહેતી. જનસમુહનો અને શાસ્ત્રોનો પ્રભુ મારો પોતાનો પ્રભુ નથી. તેઓએ કદિ મારા પ્રશ્નોના જવાબ આપી મને દિલાસો દીધો નથી. પણ અંતે મેં આ દુનિયામાં જીવંત દૈવી આત્મા શોધી કાઢયો છે.

કેમનકર: અફસોસ મિત્ર! પુરૂષનું હૃદય તેનેજ છેતરે છે એ પળ અતિ ભયંકર હોય છે. તે સમયે અંધ વાસના તેનો ધર્મ બને ને બે ઘડીની મોજ તેના પ્રભુની ગાદી છીનવી લે છે. સુંદર સફેદ વાદળામા ઉંઘતો પેલો ચંદ્ર શું અનંત સત્યનું સ્વરૂપ છે? કાલે સ્હવારે સૂર્યોદય થશે અને ભૂખ્યા માનવીઓ પેટ ભરવાને હજાર વલખાં મારવા શરૂ કરશે. તે સમયે આ ચંદની ભાગ્યેજ કોઇને સ્મૃતિ રહેશે. માત્ર નિંદ્રા અને માયાની છાયાની ઝાંખી યાદ! સુંદરીના ભ્રમાત્મક

સૌન્દર્યની ગુંથેલી જાદુઇ જાળ એવીજ છે—શું કદિપણ એ સત્યનું સ્થાન લઇ શકશે? તારી એવી કોઇ પણ ભ્રમણા સત્યની શોધમાં ભટકતા તારા આત્માને ઠારી શકશે?

સુપ્રિય: અફસોસ, હું કંઇ જાણતો નથી.

કેમનકર: તારા સ્વપ્નાં ભુલી જા ને જાગ્રત થા. યુગયુગ થયા ખડા રહેલા પ્રાચીન ધર્મમંદિરમાં આગ લાગી છે. ધર્મના ભાવી પ્રલયની ઉપર આપણા પુર્વજો આંસુ ભરી રહ્યા છે, આવી અંધકારમય રાત્રીએ દુશ્મન આપણા કિલ્લાના દરવાજા આગળ આવી ઉભો છે, શહેરના નાગરિકો ઉંઘતા પડયા છે અને ભ્રમિત થયલા મનુષ્યો ભાઇ ભાઇના ગળા રહેંસી રહ્યા છે ત્યારે તું ચળીત થઇ જશે?

સુપ્રિય: નહિ. હું તમારી સાથે રહીશ.

કેમનકર: ત્યારે હવે હું જાઉં છું.

સુપ્રિય: ક્યાં? શા માટે?

કેમનકર: હું પરદેશમાં જઇ ત્યાંથી સઇનિકો લઇ આવીશ અને આ ધાર્મિક આગને રક્તથી બુઝવીશ.

સુપ્રિય: આપણા સઇનિકો છેને!

કેમનકર: તેમની મદદની આશા રાખવી નકામી છે. તેઓ પણ પતંગની પેઠે દીવાની જ્યોતિ પર મરી રહ્યા છે. મુર્ખાઓની પેઠે તઓ વિજયનાદ કરી રહ્યા છે તે સાંભળતો નથી? આખું શહેર પાગલ થઇ પોતાના પવિત્ર ધર્મની ચીતા જોઇ ઉત્સવ કરી રહ્યું છે.

સુપ્રિય: તમે જવાનાજ હો તો મને સાથે લઇ જાઓ.

કેમનકર: નહિ તું અહિ રહી જાસુસી કરજે ને મને બધી વાતથી વાકેફ રાખજે પણ મિત્ર, જોજે તારા હૃદયને જુઠી માયાની નવીનતાથી મોહ પામવા ના દેતો.

સુપ્રિય: માયા નવીન છે પણ આપણી મૈત્રી જુની છે. આપણે બાળપણથી સાથે ઉછર્યા છીએ ને આજે પહેલીજવાર જુદા પડીએ છીએ.

કેમનકર: એ જુદાઇ છેલ્લી થાઓ! આવી વખતે સઘળા સ્નેહ બંધનો તુટી જાય છે. ભાઇ ભાઇની ને મિત્ર મિત્રની સામે પડે છે. હું રાતે અંધારામાં બહાર જઇશ ને અંધકારમાંજ દરવાજા આગળ પાછો આવીશ. મારો મિત્ર મને માર્ગ બતાવા મશાલ લઇ મારી રાહ જોતો ઉભો રહેશે એવી આશા સાથે હું જાઉં છું.

(તેઓ જાય છે.)

(ઝરૂખામાં રાજકુમાર સાથે આવે છે)

રાજા: કુમાર મને લાગે છે કે મારે કુંવરીને દેશપાર કરવી પડશે.

કુમાર: હા પિતાજી! હવે વિલંબ કરવામાં સાર નથી.

રાજા: ધીમે બોલ પુત્ર, ધીમે બોલ. હું મારૂં કર્તવ્ય બજાવીશ ને તેને દેશપાર કરીશ.

(કુમાર જાય છે, રાણી આવે છે.)

રાણી: રાજન, એ ક્યાં છે? તમે એને મારાથી પણ છુપી રાખી છે?

રાજા: કોને?

રાણી: મારી માલીનીને.

રાજા: શું? એ એના ભુવનમાં નથી?

રાણી: નહિ. હું શોધી શોધીને થાકી પણ એનો પત્તો નથી જાઓ, સૈનિકો લઇને શહેરમાં જાઓ અને એકે એક ઘરની ઝડતી લો. પ્રજા એને ચોરી ગઇ છે. બધાને દેશપાર કરો. એ પાછી આવે ત્યાં સુધી આખું નગર ખાલી કરાવો.

રાજા: મારૂં રાજ્ય ફના થાય તોપણ હું એને પાછી લાવીશ.

(મશાલો સાથે સૈનિકો અને બ્રાહ્મણો માલીનીને લઇ આવે છે)

રાણી: દીકરી, માલીની, તું મને ભમાવીને બ્હાર ચાલી ગઇ?

બીજો બ્રાહ્મણ: મહારાણી એનાપર ગુસ્સો ન કરો. એ અમને આશિષ આપવા અમારે ઘેર આવી હતી.

પહેલો બ્રાહ્મણ: શું એ ફક્ત તમારી છે? એ અમારી દેવી નથી?

બીજો બ્રાહ્મણ: દેવી, માતોશ્રી, અમને ભુલશો નહિ. જીવનના અનંત સાગરમાંથી અમને તારનાર તમેજ છો.

માલીની: મારા દરવાજા તમારે માટે ખુલ્લા છે. હવે પછી આ દિવાલો આપણને જુદા પાડી શકશે નહિ.

બ્રાહ્મણો: માતૃભૂમિની જય!

(તેઓ જાય છે.)

માલીની: માતુશ્રી, હું બ્હારના જગતને આપણા ઘરમાં લાવી છું. મારા જીવનના સઘળા બંધનો તોડી નાખી આજે હું આખા વિશ્વ સાથે મળી ગઇ હોઉં એમ લાગે છે.

રાણી: હા બ્હેન! હવે તને બ્હાર જવાની જરૂર નહિ રહે. આખા જગતને તારી ને તારી માની પાસે લઇ આવ...પણ જો, રાત, વહી ગઇ છે. અહિં બેસ, શાંત થા. તારા જીવનની જ્યોતિ તારી આંખમાંની નિદ્રા ઉડાવી દે છે.

માલીની: (રાણીને ભેટીને) બા, હું થાકી ગઇ છું. મારૂં શરીર ધ્રુજે છે. જગત એટલું વિશાળ છે મા! મને ગીત ગાઇને સુવાડી દે. મારી આંખમાં આંસુ આવે છે. મારૂં હૈયું ભરાઇ આવ્યું છે.

અંક ૨ જો.

સ્થલ: રાજમહેલનો બાગ.

માલીની: હું તમને શું કહું ? મને વાદવિવાદની ગતાગમ નથી મે તમારા શાસ્ત્રો વાંચ્યા નથી.

સુપ્રિય: હું મૂર્ખ વિદ્વાનોમાં શાસ્ત્રી ગણાઉં છું, મેં સર્વ તર્કો અને શાસ્ત્રો છોડી દીધા છે. રાજકુમારી, મને પ્રકાશમાં દોરી જાઓ.

માલીની: પણ બ્રાહ્મણ, તમે મને સવાલ પૂછો છો ત્યારે હું લાચાર થઇ જાઉં છું અને તમને જવાબ આપી શકતી નથી. મને અજાયબી એ લાગે છે કે તમે શાસ્ત્રજ્ઞ હોવા છતાં મને સવાલ પૂછવા આવો છો.

સુપ્રિય: હું તમારી પાસે જ્ઞાન મેળવવા આવ્યો નથી પણ મારૂં સઘળું જ્ઞાન ભુલી જવા આવ્યો છું. માર્ગો અનંત છે પણ તેપર પ્રકાશજ નથી.

માલીની: અફસોસ, મહાશય ! તમે જેમ જેમ વધુ વાત કરો છો તેમ તેમ હું લાચાર થતી જાઉં છું મારા જીગરમાં છુપી વીજલીના ચમકારાની પેઠે આવેલો સ્વર્ગીય અવાજ કયાં છે ? તે દિવસે તમે શંકામાં ને શકામાં મરાયા દૂર કેમ રહ્યા ? હવે હું દુનિયાની સામે જઈ ઉભી છું ત્યારે મારૂ જીગર ડરી જાય છે અને મારા હાથમાં સોંપાયલા વહાણનું સુકાન કેમ જાળવવું તે હું સમજી શકતો નથી મને લાગે છે કે હું એકલી પડી ગઇ છુ, વિશ્વ અનંત અને વિશાલ છે, રસ્તાઓ અનેક પડયા છે અને આકાશમાંથી જ્યોતિનો ચમકારો આવી બીજી પળે નષ્ટ થઇ જાય છે. તમે શાણા અને વિદ્વાન છો. તમે મને સહાય કરશો ?

સુપ્રિય: તમે મારી સહાય માગશો ત્યારે હું મારી જાતને ધન્યવાદ માનીશ.

શ્રીમદ્ મહાભારત

		રૂ. આ. પા.
મહાભારત ભાગ ૧ લો સચિત્ર		**૧૬-૦-૦**
(૧) આદિ પર્વ	"	૪-૮-૦
(૨) સભા પર્વ	"	૨-૦-૦
(૩) વન પર્વ	"	૬-૦-૦
(૪) વિરાટ પર્વ	"	૧-૮-૦
(૫) ઉદ્યોગ પર્વ	"	૪-૦-૦
મહાભારત ભાગ ૨ જો સચિત્ર		**૧૫-૦-૦**
(૬) ભીષ્મ પર્વ	"	૫-૮-૦
(૭) દ્રોણ પર્વ	"	૫-૮-૦
(૮) કર્ણ પર્વ	"	૩-૦-૦
(૯) શલ્ય પર્વ (૧૦) સૌપ્તીક પર્વ (૧૧) સ્ત્રી પર્વ	... ...	૩-૦-૦
મહાભારત ભાગ ૩ જો સચિત્ર		**૨૦-૦-૦**
(૧૨) શાંતિ પર્વ		
રાજધર્મ પર્વ આપદ્ ધર્મ પર્વ મોક્ષ પર્વ	...	૧૨-૦-૦
(૧૩) અનુશાસન પર્વ	... ...	૬-૦-૦
(૧૪) અશ્વમેધિક પર્વ (૧૫) આશ્રમવાસિક પર્વ (૧૬) મહાપ્રસ્થાનિક પર્વ (૧૭) મૌશલ પર્વ (૧૮) સ્વર્ગારોહણ પર્વ	...	૪-૦-૦

પુસ્તક મળવાનું ઠેકાણું:—

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ, બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,

સાસુન બિલ્ડીંગ્સ, બજારગેટ સ્ટ્રીટને નાકે,

એલ્ફીન્સ્ટન સર્કલ, ફોર્ટ મુંબઇ નં. ૧.

માલીની: જીવનમાં એવા પ્રસંગો આવે છે કે જ્યારે નિરાશા જીવનના સઘળા તરંગોને દાબી દે છે. અચાનક મનુષ્યના ટોળાપર નજર કરતાં હું ડરી જાઉં છું. એવી ભયંકર પળે તમે મારી વ્હારે ધાઈ મને આશાનો એક બોલ કહી પુનર્જીવન આપશો ?

સુપ્રિય: હું તમારી સેવામાં હાજર રહીશ. હું મારા હૃદયને સાદું અને પવિત્ર બનાવીશ, મારા મનને શાંત કરીશ અને તમને સહાય થવાની યોગ્યતા મેળવીશ.

(હજુરીઓ આવે છે.)

હજુરીઓ: રાજકુમારી, નગરજનો તમને મળવા આવ્યા છે.

માલીની: આજે નહિ. મારા તરફથી તેમની ક્ષમા માગી લે. મને આજે આરામની જરૂર છે કેમકે મારૂં મન અશાંત થઈ ગયું છે. (હજુરીઓ જાય છે) હવે મને તમારા મિત્ર કેમનકરની વાત કરો. તમારી જીવનકથા જાણવાને હું આતુર છું.

સુપ્રિય: કેમનકર મારો મિત્ર છે, ભાઈ છે, ગુરૂ છે. બાળપણથીજ તેનું મન દૃઢ હતું. મારૂં મન ચંચળ અને સંશયી હતું. તેણે મને હંમેશાં હૃદય સરસો ચાંપી રાખ્યો છે. પણ વહાણુ ગમે તેવું મજબુત હોય તોપણ તેમાં નાનું સરખું છીદ્ર પડતાં તે ડુબી જાય છે તેમ મેં કેમનકરની નોકા ડુબાવી દીધી છે.

માલીની: તમે ?

સુપ્રિય: હા. જે દિને તમારા વદનનું દર્શન થતાંજ આમ વર્ગનો બળવો શમી ગયો ત્યારે એકલો કેમનકર દૃઢ હતો. કાશીની પૂણ્ય ભૂમિમાંથી નવા ધર્મનું જડમુળ કાઢવા માટે મને અહિં મુકી તે પરદેશી સૈન્ય લેવા ગયો હતો. પછી શું થયું તે તમે જાણો છો. તમે મને નવાજ દેશમાં નવો જન્મ આપ્યો. "પ્રેમ સર્વ ધર્મનો આધાર છે" એ જુગજુગ જુનું સત્ર પૃથ્વીપર ક્યારનું અટવાયા કરતું હતું તેનો તમે સાક્ષાત્કાર કરી બતાવ્યો. મારૂં જીગર મારા મિત્ર માટે તડફડવા લાગ્યું પણ તે દૂર-દૂર ચાલ્યો ગયો હતો પછી તેનો પત્ર આવ્યો. તેમાં તેણે લખ્યું

હતું કે તે પરદેશી સૈન્ય સાથે નવા ધર્મનો નાશ કરવા અને તમને મોતની સજા કરવા માટે ધસી આવે છે. મારી ધીરજ રહી નહિ. હું અસ્થિર બની ગયો અને મેં એ પત્ર રાજાને બતાવી દીધો.

માલીની: સુપ્રિય! તમે તમારી જાતને કેમ ભૂલી ગયા? તમે શા માટે ભયભીત થયા? કેમનકર અને તેના સૈનિકો માટે શું મારા દિવાનખાનામાં સ્થાન નથી!

(રાજા આવે છે.)

રાજા: મને ભેટ, સુપ્રિય! હું અણીની વખતે જઈ પહોંચ્યો હતો. આજે કેમનકર મારો કેદી છે, જો હું એક કલાક મોડો ગયો હોત તો મારા રાજ્યનો નાશ થાત. તું મારો સાચો મિત્ર છે સુપ્રિય–

સુપ્રિય: પ્રભુ મને માફ કરે.

રાજા: તને ખબર છે કે રાજકર્તાનો પ્રેમ સસ્તો હોતો નથી. માગ, માગ, જે જોઈએ તે માગી લે. બોલ, તને શું જોઈએ છે?

સુપ્રિય: કંઈ નહિ, રાજન્! કંઈ નહિ. હું ઘેર ઘેર ભીખ માગીને ગુજરાન કરીશ.

રાજા: માગ, સુપ્રિય! માગ તું કહેશે તો હું તને રાજાઓને છાજ્યાં આવે એવા ફળદ્રુપ પ્રાંતો ભેટ આપીશ.

સુપ્રિય: મને મુલકનો લોભ નથી.

રાજા: સમજ્યો! તું શું ઇચ્છે છે તે માગી લે. પાગલ જવાન, જે તને અશક્ય જણાય છે તે પણ માગી લે. તું બોલતો કેમ નથી? જે દિવસે તેં મારી માલીનીને દેશપાર કરવાની અરજ કરી હતી તેનું તને સ્મરણ છે? મારી પુત્રીને પોતાના પિતાના ઘરમાંથી કાઢી મૂકવાની માગણી પાછી કર...દીકરી, તને ખબર છે કે આ યુવાને તારી જીંદગી બચાવી છે તેનું કરજ ચૂકવતાં તને દુઃખ થશે.—

સુપ્રિયઃ રાજન્ કૃપા કરી આ વાત જવા દો. જગતમાં એવા અનેક ભક્તો છે જેઓ જીવનભર તપ કરીને પોતાની વાસના તૃપ્ત કરે છે અને મને એવો ભક્ત ગણવામાં આવશે તો હું સુખી થઈશ. પણ બેવફાઈના બદલા તરિકે રાજા પાસેથી ભેટ લેવી મને માન્ય નથી....રાજકુમારી, તમારી મહત્તાનો પાર નથી. એક ભીખારી આત્માનો ટળવળાટ તમે જાણતાં નથી. આખા જગત પ્રત્યે તમે જે પ્રેમભરી દયા ફેંકી રહ્યા છો તે કરતાં એક અણુમાત્ર પણ વધારે માગવાનો મને અધિકાર નથી.

માલીનીઃ પિતાજી તમે કેદીને શી સજા કરી છે ?

રાજાઃ ફાંસીની.

માલીનીઃ ઓ ! નહિ નહિ તેને માફી બક્ષો.

રાજા; એ બંડખોર છે કુમારી !

સુપ્રિયઃ રાજન, તમે તેનો ન્યાય કરો છો ? જ્યારે એ તમને સજા કરવાને હલ્લો લાવ્યો ત્યારે એ પણ તમારો ન્યાય કરવા બેઠો હતો. તમારું રાજ લૂંટવા એ આવ્યો ન્હોતો.

માલીનીઃ એને જીવતદાન દો પિતાજી ! એમ કરશો તોજ જેણે તમને મહાન આફતમાંથી ઉગાર્યા છે તેની મૈત્રી માટે તમે હકદાર ગણાશો.

રાજાઃ તું શું કહે છે સુપ્રિય ? એ બંડખોરને ક્ષમા કરું ?

સુપ્રિયઃ એજ રાજમુગટને શોભાવનારી વાત છે.

રાજાઃ ઠીક છે હું તને તારો મિત્ર પાછો સોંપીશ. પણ રાજાની ઉદારતા અહિંજ અટકવી ન જોઈએ. હું તને કંઈક એવું આપીશ કે જેની તને આશા પણ ન હોય. હુ બદલો આપતો નથી. તેં મારું જીગર જીતી લીધું છે, હું તને એ જીગરનું રત્ન સોંપવા માગું છું...માલીની ! શરમાય છે કેમ ? તારા પોપચાંપર લજ્જા કેમ છવાઈ છે ? પુત્રી ! આજ સુધી તારા ઉપાસમ સૌંદર્ય પર રાતી સુરખી નથી. એક નિર્મળ શ્વેત જ્યોતિર્મય પ્રકાશ હતો. આજે તારા વદનપર મીઠી મધુરી લજ્જાની સુરખી આવે

છે. (સુપ્રિયને) ઉભો થા, સુપ્રિય ! મને ભેટ અત્યંત સુખથી હું મુઝાઇ ગયો છું. મને જરાવાર મારી માલીની સાથે એકલો રહેવા દે (સુપ્રિય જાય છે) માલીની મને લાગે છે કે મને મારી પુત્રી પાછી મળી છે. એ પુત્રી આકાશના ચળકતા તારા સમી નથી પણ પૃથ્વીપર ખીલતા સુવાસિક પુષ્પ સમી છે. તું મારી પુત્રી છે—મારા હૃદયનો આધાર છે.

(હજુરીઓ આવે છે.)

હજુરીઓ: કેદી હાજર છે, રાજન !

રાજા: તેને અહિં લઇ આવ...એ આવ્યો. માલીની ! જો, એના નયનો સ્થિર છે, મસ્તક અભિમાનથી ઉંચું રહી ગયું છે અને તોફાનમાં સ્થિર રહેતાં કાળાં વાદળાં જેવો એ અડગ છે.

માલીની: પિતાજી એના હાથમાં બેડી છે તે શરમભર્યું છે. મહાન માણસનું અપમાન મહત્તાના અપમાન બરાબર છે. એ કેદી દયા તરફ મશ્કરીથી જોતાં દેવ જેવો લાગે છે.

(બેડી સાથે ક્ષેમનકર આવે છે.)

રાજા: તને કેવી સજા જોઇએ છે ?

ક્ષેમનકર: મોતની.

રાજા: જો હું તને માફ કરું તો ?

ક્ષેમનકર: તો જે કામ અપૂર્ણ રહ્યું છે તે પૂરું કરવાનો મને સમય મળશે.

રાજા: તને જીવનની દરકાર જણાતી નથી. બોલ, તારી અંતિમ ઇચ્છા શું છે ?

ક્ષેમનકર: મરવા પહેલાં હું મારા મિત્ર સુપ્રિયને મળવા માગું છું.

રાજા: (હજુરીઓને) સુપ્રિયને બોલાવ.

માલીની: પિતાજી, આના વદનમાંની શક્તિથી મને ભય લાગે છે. પિતાજી, સુપ્રિયને અહિં ન બોલાવો.

રાજા: તારે બ્હીવાની જરૂર નથી.

(સુપ્રિય આવે છે ને કેમનકરને ભેટવા જાય છે.)

કેમનકર: નહિ. નહિ હમણાં નહિ. પ્રથમ આપણે જે કહેવાનું હોય તે એક બીજાને કહી નાખીએ. પ્રેમના ઉભરા પછી કાઢજે, આવ—મારી નજીક આવ. તું જાણે છે કે મને શબ્દલાલિત્ય ઝમાવતાં નથી આવડતું ને મારો સમય આવી રહ્યો છે. મારી કસોટી પૂરી થઇ છે પણ તારી હજુ બાકી છે. ભોળા તેં શા માટે આવું કર્યું ?

સુપ્રિય: મિત્ર, સુહૃદ, તું એ સમજી શકવાનો નથી, મારે મારા જીવનના ભોગે પણ મારા ધર્મને સાચવવાનો હતો.

કેમનકર: હું તારો મનોભવ સમજું છું સુપ્રિય ! મેં પેલી કન્યાનું મોહક જાદુભર્યું વદન જોયું હતું. તે એના ચળકતા નેત્રોમાંથી ખરતા અગ્નિમાં તારા બાપના—તારા દેશના ધર્મને હોમી દીધો અને વિશ્વાસઘાતના પાયાપર નવો ધર્મ ચણવા માંડયો.

સુપ્રિય: તારી વાત સાચી છે મિત્ર ! મને આ સુંદરીના રૂપમાં મારો ધર્મ મળી ગયો છે. તારા પવિત્ર ધર્મશાસ્ત્રો મારે માટે મૌન અને જડ થોથાસમા હતા. આ કન્યાના નેત્રોના પ્રકાશથી મેં સૃષ્ટિનો પ્રાચીન ચોપડો વાંચ્યો છે અને હું સમજ્યો છું કે જ્યાં મનુષ્ય હોય, જ્યાં પ્રેમ હોય ત્યાં સત્ય ધર્મ રહે છે. બાળકને માતાના પ્રેમમાં અને માતાને નાનાં બાળકરૂપે ધર્મ મળે છે. દાતાની દાનવૃત્તિમાં અને યાચકના કૃતજ્ઞ હૃદયમાં ધર્મ વસે છે તેજ, પ્રેમ, શાંતિ અને અનંત જ્ઞાનથી ઝળહળતા રાજકુમારીના વદનને જોઇને મને મનુષ્યની અનંતતાનું ભાન થયું છે અને તેથી મેં તેનો ધર્મ સ્વીકાર્યો છે.

કેમનકર: મેં પણ એ વદન જોયું હતું અને એક પળ મને સ્વપ્નાવત એવો ભાસ થયો હતો કે પુરૂષોને સ્વર્ગપંથે દોરી જવાને અંતે ધર્મ સ્ત્રીરૂપે અવતર્યો છે. એકપળ કંઇ અજબ સંગીતનો ધ્વનિ મને સંભળાયો અને મારા જીગરની આશાઓ ખીલતી

જણાઇ હતી પણ મેં એ જૂઠી ભ્રમણા અને માયાવી બંધનો તોડી નાખ્યાં ન્હોતા ? મેં નાલાયકોના અપમાન ખમી, મારા બાળસખાનો ત્યાગ કરી હું ધીરજથી ધર્મરક્ષણ કરવા માટે પરદેશમાં ગયો ન્હોતો ? તેં શું કર્યું ? મારી ગેરહાજરીમાં રાજાના બગીચામાં પુષ્પોના મધુર પરાગમાં બેસી તારા મોહને ધર્મ માની તેં પેલા સુંદર વદનની ગુલામગીરી સ્વીકારી લીધી.

સુપ્રિયઃ જુદા જુદા સ્વભાવના મનુષ્યોને સંઘરવા જેટલી આ દુનિયા વિશાળ નથી ? આકાશમાંના અનંત તારાઓ એક સૃષ્ટિપર સત્તા મેળવવા માટે માંહોમાંહે લડયા કરે છે ? જુદા જુદા સ્વભાવ માટે જરૂરી જુદા જુદા ધર્મો પોતપોતાનો પ્રકાશ જુદી જુદી રીતે ન નાખી શકશે ?

કેમનકરઃ શબ્દો, શબ્દો, ખાલી શબ્દો. સત્ય અને અસત્યને એક બીજાની સમીપ રહેવા માટે જગતમાં જગ્યા નથી. મનુષ્યનો ખોરાક પેદા કરનારા ખેતરમાં કાંટા ઉગાડવાની પ્રભુની મરજી નથી. પ્રેમ સર્વ પ્રેમની સૃષ્ટિ કરવામાં એટલી મુર્ખાઇ ભરી હદે જતો નથી. દગાબાજ મિત્રના વિશ્વાસઘાતનો પુરાવો મળ્યા પછી પણ તેની દોસ્તી રાખવી ? નહી. સહિષ્ણુતાની પણ હદ હોવી જોઇએ પોતાના ધર્મનું રક્ષણ કરનાર ચોરની પેઠે મરી જાય અને ધર્મદ્રોહી વૈભવવિલાસમાં રહે ? નહિ. નહિ. એવો ભયંકર દેખાવ જોઇને બેસી રહે એવા સખત હૈયાની દુનિયા નથી.

સુપ્રિયઃ (માલીનીને) આ બધા અપમાનો હું તારે માટે ખુશીથી સહી લઉં છું કુમારી ! કેમનકર. તું તારા ધર્મ માટે તારી જીંદગી કુરબાન કરે છે. મારૂં બળીદાન તેથી વધારે છે. હું તારા પ્રેમની કુરબાની કરૂં છું કે જે મારી જીંદગી કરતાં મારે મન વધુ કિમતી છે.

કેમનકરઃ એ લવારો જવા દે. સઘળા ભક્તોની મોતના દરબારમાં કસોટી થવી જોઇએ. મિત્ર ! તને આપણી વિદ્યાર્થી દશાનું સ્મરણ થાય છે કે જ્યારે આખી રાત એક વિષય પર ચર્ચા

ફરી અંતે કોણ સાચું છે તેનો નિર્ણય કરાવવા માટે આપણે બન્ને સ્હવારના પહોરમાં ગુરૂજી પાસે જતા હતા ! એ સમય પાછો આવવા દે. ચાલ, એ અંતીમ દેશમાં ચાલ. મૃત્યુની સમીપ આપણા સઘળા સવાલો સાથે આપણે બંને ઉભા રહીશું ત્યારે એક પલકારામાં સઘળી શંકાઓ નાબુદ થઈ જશે અને આપણે બે મુર્ખા એક બીજા સામે હસતા હસતા જોઇ રહીશું. પ્રિય મિત્ર ! મૃત્યુ પહેલાં એ અનંત અને સર્વોત્તમ ઘડી આવવા દે.

સુપ્રિય: જેવી તારી મરજી.

કેમનકર: ત્યારે આવ મને ભેટ, તું તારા સખાથી દૂર-દૂર-દૂર ભટકતો રહયો છે હવે હંમેશાને માટે મારી પાસે આવ અને જે તને ચાહે છે તેને હાથે મોતનું ઇનામ સ્વીકાર.

(સુપ્રિય ભેટવા જાય છે. કેમનકર તેને છોડી મારે છે ને સુપ્રિય જમીન પર તુટી પડે છે.)

કેમનકર: (સુપ્રિયના શબને આલિંગન દઇ રાજાને) હવે તારા મારાઓને બોલાવ, રાજા !

રાજા: મારી સમશેર લાવ.

માલીની: પિતાજી, કેમનકરને ક્ષમા કરો.

સમાપ્ત.

દરેકે દરેક સ્ત્રીપુરૂષોએ અવશ્ય વાંચવુંજ જોઇએ!

તમોએ ઘણીએક જાતનાં કોકશાસ્ત્રો વાંચ્યાં તો હશે, પરંતુ આ પુસ્તક તેવા પ્રકારનું નહીં, પરંતુ મોટા મોટા અંગ્રેજ અને અમેરીકન ડોકટરો અને પ્રોફેસરોના પુસ્તકોના આધારે પ્રગટ થયેલું છે.

પ્રસિદ્ધિ પામેલું! **અત્યંત રસિક!**

વિલાયતી કોકશાસ્ત્ર

(સચિત્ર.)

રતિકેલી યાને સ્ત્રી પુરૂષના સ્વર્ગિય સુખના પ્રકારો, આસન, સ્ત્રી પુરૂષને વશ કરવાની વિદ્યા, વાંઝીયામહેણું ટાળવાના ઉપાય, ગર્ભાવસ્થાપર અજબ પ્રકાશ, અક્ષત સ્ત્રી ઓળખવાની ચાવી, વેશ્યા વિહાર વિગેરે વિગેરે તમામ ભેદો આ પુસ્તકમાં ખુલ્લા કરવામાં આવેલા છે.

જુજ પ્રમાણમાં નકલો સીલીક છે.

આજેજ લઇ જાઓ. **વહેલો તે પહેલો.**

રૂ. ૧॥, વી. પી. પોસ્ટેજ સાથે રૂ. ૧-૧૨-૦.

વિલાસ ઓફીસ,

૧૮૧, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

સ્ત્રીઓનું નવું જીવન—નવી આશા.

કલાર્ક એન્ડ કંપનીનું

સાઇરપ લ્યુકોરીના

સ્ત્રીઓની જતી નબળાઇ—પાણી જરવું, સફેદી વહેવી અથવા ગમે તેવો જુનો પ્રદર અને ઉપરના દરદોને લીધે ગર્ભાશયના થતા દરેક રોગો—કમરનો દુખાવો—પગનું ટોડાવું વીગેરેને મટાડનાર

પુત્ર પ્રાપ્તીનું ઉત્તમ ફળ આપે છે.

મોટા ડાકટરોના અનુભવથી બીનહરીફ પુરવાર થઇ ચુકી છે.

બાટલી નંગ ૧ ની કીંમત રૂ. ૨—૦—૦

પોસ્ટેજ જુદું,

દરેક આબરૂદાર દવાવાલાને ત્યાંથી મલશે.

અગર લખો—(હીંદુસ્તાન—બરમા અને સીલોન માટે) ના સોલ ડીસ્ટ્રીબ્યુટર એન. એમ. એન્ડ કું.

એજંટઃ

કલાર્ક એન્ડ કું૦

૨૩—૨૫ ત્રીજા પારસીવાડા—મુંબઇ.

શરીરની અંદર પેઠેલા શત્રુઓપર બંદુકની
ગોળી કામની નથી.
તેઓને દુર કરવા માટે

આતંકનિગ્રહ ગોળીઓ

બહાદુરી ભર્યું કામ કરશે, નબળાઈની સેનાનો
નાશ કરશે અને શરીરને બચાવશે. હીંદુસ્તાન
બહારની દુનીયા પણ એ ગોળીઓનો આદર
કરી રહી છે. લડાઈના મેદાનમાંથી પણ
એની માંગણીઓ થાય છે.

કીંમત ગોળી ૩૨ ની ડબી ૧ એકનો
રૂપીયો ૧ એક.

વીગતવાર હકીકત જાણવા પ્રાઈસ લીસ્ટ વાંચો.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવીંદજી.

મુંબઈ બ્રાંચ:—
કાલબાદેવી રોડ.

જામનગર—કાઠીયાવાડ.